RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 42* Date: 01.12.2022, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### આપે ઝીરો બિલનો પુરાવો આપ્યો :

## પંજાબના મુખ્યમંત્રીએ ૨૫ હજાર લોકોના ‘૦’ બિલ ગુજરાતમાં રજૂ કર્યા

અમદાવાદ,તા.૩૦

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને આજે અમદાવાદમાં જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીએ દિલ્લીમાં વીજળી ફ્રીનો વાયદો કર્યો હતો. પંજાબમાં પણ વીજળી ફ્રીનો વાયદો કર્યો હતો. ત્યારે વિરોધીઓ કહેતા હતા કે કઈ રીતે કરશો. પૈસા ક્યાંથી લાવશો? આજે હું પંજાબનાં ૨૫૦૦૦ વીજળીના બિલ લઈને આવ્યો છું. જેમાં બિલ ઝીરો આવ્યા છે. સમગ્ર પંજાબમાં ૭૫ લાખ વીજળીનાં મીટર છે. ૬૧ લાખ વીજળીનાં મીટરમાં બિલ ઝીરો આવ્યો છે. ડિસેમ્બરમાં ૬૭ લાખ અને જાન્યુઆરીમાં ૭૧ લાખ વીજળીના મીટર ઝીરો આવશે. અમે જે કહીએ છીએ એ કરીએ છીએ અને ગુજરાતમાં પણ કરીશું.

અમે તમને એકાઉન્ટમાં ૧૫ લાખ નાખીશું એવું નથી કહેતા પરંતુ તમારા મહિને ૩૦૦૦૦ પહેલા મહિનાથી જ બચાવીશું. અરવિંદ કેજરીવાલ ફ્રીની રેવડી આપે છે, તો ૧૫ લાખ શું હતું? ૨૭ વર્ષ જૂની મોંઘવારી, બેરોજગારી અને પેપર ફૂટે છે તેવી ચક્કીને બદલવા લોકો તૈયાર છે. આમ આદમી પાર્ટીની કેટલી સીટો આવશે એવું કહેશો, પરંતુ આમ આદમી પાર્ટી સર્વેમાં નહીં, પરંતુ સરકારમાં આવે છે. અમે ભ્રષ્ટાચારનું લીકેજ બંધ કરી અને તે પૈસા વાપરીશું. પંજાબમાં ૯૦૦૦ એકર જમીન નેતાઓ અને તેમના માણસોએ પચાવી હતી જે



છોડાવી છે.

એક મંત્રી કોંગ્રેસનો માણસ રૂ. ૧ કરોડ આપવા આવ્યો હતો કે, મારું નામ કાઢો તો તેને જ વિજિલન્સે પકડ્યો અને ઘરમાં તપાસ કરી તો નોટ ગણવાના મશીન મળ્યાં હતાં. ભ્રષ્ટાચારીઓ પાસેથી પૈસા કાઢી લોકો પાછળ વાપરીશું. આમ આદમી પાર્ટીને કોંગ્રેસ અને ભાજપની બી ટીમ કહે છે, પરંતુ અમે ૧૩૦ કરોડની છ ટીમ છીએ. સ્કૂલો, રોડ અને શિક્ષણની વાત કરીએ છીએ. લોકો સામે એજન્ડા રાખો. અત્યારે સર્વે આવે છે જે ઘરમાં બેસીને બને છે.

પંજાબમાં મોહલ્લા ક્લિનિક અમે બનાવ્યાં છે.

અમે ગેરંટી આપી હતી કે, જૂની પેન્શન યોજના લાગુ કરીશું જેનું જાહેરનામું પણ કરી દીધું છે. ધારાસભ્યોના પેન્શનો પણ બંધ કર્યા જેનાથી કરોડો રૂપિયા બચ્યા જેનો અમે ઉપયોગ કરીએ છીએ. હવે કહો ક્યાંથી રેવડી થઈ? ટેક્સના પૈસે કોલેજ, મોહલ્લા ક્લિનિક વગેરે બનાવીએ છીએ. મેડિકલ હબ અમે પંજાબને બનાવીશું. હું ગુજરાત પહેલીવાર આવ્યો હતો, કંઈક જોવા મળશે, ગુજરાત મોડલ જોવા મળશે.

પરંતુ રોડમાં ખાડા નહીં પરંતુ ખાડામાં રોડ છે. હું અલગ અલગ જિલ્લાઓમાં લોકોને મળ્યો છું. ત્યાંના લોકોને મળ્યો અને પૂછ્યું કોણ ધારાસભ્ય છે, તો કહે ભાજપના છે પરંતુ જોવા આવ્યા નથી અને વોટ માગવા આવ્યા નથી એટલે તેઓ લોકો જોડે જોડાયેલા જ નથી.રાજનાથ સિહ દ્વારા ભાજપના એક તૃતિયાંસ બહુમતીથી જીત મેવળશે તો અને આમ આદમી પાર્ટી અસ્તીતવની લડાઇ લડે છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન દ્વારા ગુજરાતના જનતા સમક્ષ ૨૫ હજાર લોકોને ઝીરો લાઈટ બીલ આવ્યા છે તે બીલોની કોપી રજૂ કર્યા છે.

પાટણ જિલ્લાની ચાણસ્મા બેઠકના રાજકીય ગણીતપાટણ જિલ્લાની ચાણસ્મા બેઠકના રાજકીય ગણીત ભગવંત માને જણાવ્યુ હતુ કે, આપ દ્વારા દિલ્હીમાં વીજળીના બીલ માફ કરવાનું કહ્યુ હતુ તે કરી બતાવ્યુ છે. આપ દ્વારા પંજાબમાં પણ વીજળીના બીલ માફ કરવામા આવશે તે કરી દેવામાં આવશે. ગુજરાતમાં પણ ૧ માર્ચથી બીલ માફ કરી દેવામાં આવ્યા છે. પંજાબની ૮ મહિનામાં સરકારે બીલ માંફ કર્યા છે. પંજાબમાં અત્યાર સુધીમાં ૭૫ લાખ મીડર છે જેમાથી ૬૧ લાખ ઘરોને લાઈટ ઝીર બીલ આવ્યા છે જેમાથી ૨૫ હાજર સિમ્બોલીક તરીકે જોવા લાવ્યા છીએ. ડિસેમ્બરનું જે બીલ હશે તે ૬૭ લાખ બીલ માફ થઈ જશે. અને જાન્યુઆરીમાં ૭૧ લાખ ઘરોમાં વીજળીના બીલ ઝીરો આવશે. ભગવંત માને કહ્યુ કે અમે લોકો જે કહીએ તે કરીએ છીએ તે જ રીતે ગુજરાતમાં પણ કરી દેખાડશુ. ઘણા બીલ માઈનસમાં પણ આવ્યા છે. મોહલ્લા ક્લિનિક પણ બનાવ્યા છે. ૫૦૦ થી વધારે મહોલ્લા ક્લિનિક બનવામાં આવશે. જુનિ પૈન્શન સ્કીમ લાગુ કરવાની જાહેરાત કરી હતી. તે પણ અમે ચાલુ કરી દેશુ. ધારાસભ્યોની પેન્શન બંધ કરી દિધુ છે. ધારાસબ્યો હારે તો પણ પેન્શન મળે છે.

## શરાબ કૌભાડમાં ઈડ્ડુ એ મનિષ સિસોદિયાના નજીક ગણાતા અમિત અરોરાની ધરપકડ કરી

નવીદિલ્હી,તા.૩૦

દિલ્લી એક્સાઈઝ કૌભાંડ કેસમાં ઈડીએ અમિત અરોરાની ધરપકડ કરી છે. અમિત અરોરા ગુરુગ્રામના બિઝનેસમેન છે. અમિત અરોરા ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાના નજીકના માનવામાં આવી રહ્યા છે.

EDએ આરોપ લગાવ્યો છે કે અમિત અરોરા, દિનેશ અરોરા અને અર્જુન પાંડે, દિલ્લીના નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયાના નજીકના સહયોગી હોવાનુ માનવામાં આવે છે. આ લોકોએ દારૂના લાયસન્સ ધારકો પાસેથી મળેલા રૂપિયાનો વહીવટ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે,એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આ કેસમાં અત્યાર સુધીમાં કુલ પાંચ લોકોની ધરપકડ કરી છે. શરાબના વેપારી સમીર મહેન્દ્રુની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કરેલ પૂછપરછ બાદ ૨૭ સપ્ટેમ્બરે ઈઢ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

અમિત અરોરા દારૂના એ જ વેપારી છે, જે ભાજપ દ્વારા કરાયેલા સ્ટિંગ ઓપરેશનમાં પણ જોવા મળ્યાં હતા. અમિત અરોરાની સીબીઆઈએ પણ પૂછપરછ કરી હતી. ગયા સપ્તાહે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પણ અમિત અરોરાને ત્યાં દરોડા પાડ્યા હતા. અમિત અરોરા બડી રિટેલ અને અન્ય ૧૩ કંપનીઓમાં ડિરેક્ટર છે. અગાઉ તેઓ ૩૭ કંપનીઓના ડિરેક્ટર પદ ધરાવતા હતા. એક્સાઈઝ પોલિસીમાં ફેરફાર માટે અમિત અરોરાની વિવિધ કંપનીઓની મહત્વની ભૂમિકા હોવાની શંકા છે. આ કંપનીઓના બેંક ખાતામાંથી હોટેલમાં રૂમ અને ફ્લાઈટની ટિકિટ બુક કરવામાં આવતી હતી. હવે તપાસનો વિષય એ છે કે શું અમિત અરોરાની ઉદારતાથી અમલદારો, રાજકારણીઓ સહિત સરકારી કર્મચારીઓને ફાયદો થયો છે કે નહી? તેની ચકાસણી કરવામાં આવી રહી છે.

સીબીઆઈને શંકા છે કે નવી દારૂની નીતિ ઘડવામાં અરોરાની સાથે અન્ય લોકોનો પણ હાથ હતો. જેમને શરાબની પોલીસીના ફેરફારનો સીધો ફાયદો થયો હતો. બડી રિટેલ પ્રાઈવેટ લિમિટેડ દિલ્લીમાં બે ઝોનમાં દારૂનો વ્યવસાય કરે છે. જેમા પહેલો એરપોર્ટ ઝોન છે અને બીજો ઝોન-૩૦ વિસ્તારનો છે.

કેન્દ્રીય તપાસ એજન્સી દ્વારા એ પણ તપાસ ચલાવવામાં આવી રહી છે કે અમિત અરોરાની કંપનીએ, એરપોર્ટ ઓથોરિટી પાસેથી એનઓસી લીધી હતી કે નહીં? કોના કહેવા પર, નવી દારૂ નીતિ હેઠળ તમામ ગેરરીતિઓ આચરવામાં આવી હતી અને ૩૦ કરોડની રકમ જપ્ત કરવાને બદલે રૂપિયા પરત કેમ કરવામાં આવ્યા હતા. અમિત અરોરા ઉપર એવો પણ આક્ષેપ છે કે તે દિલ્લીના બે અધિકારીઓનાના સંપર્કમાં હતા, જેઓ દારૂ નીતિનો મુસદ્દો તૈયાર કરવામાં સામેલ હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં સીબીઆઈ બાદ ઈડીએ પણ આ કેસમાં ચાર્જશીટ દાખલ કરી હતી, પરંતુ સીબીઆઈની જેમ ઈડીની ચાર્જશીટમાં પણ મનીષ સિસોદિયાનું નામ નથી. આમ આદમી પાર્ટી તેને ક્લિનચીટ તરીકે લઈ રહી છે.

મનીષ સિસોદિયાને ખોટી રીતે બદનામ કરવા બદલ ભાજપના નેતાઓ માફી માંગે તેવી માંગ કરી હતી.

## ભારત કાશ્મીરને અભિન્ન અંગ બનાવવામાં સફળ રહ્યું, અલકાયદા પાકિસ્તાની સેના પર નારાજ

**અલકાયદાનું માનવું છે કે કલમ ૩૭૦ હટ્યા બાદ કાશ્મીરમાં ભારત સરકારને સફળતા મળી છે**

દુનિયાના ખૂંખાર આતંકી સંગઠનોમાંથી એક અલ કાયદાનું માનવું છે કે કાશ્મીર હવે ભારતનું અભિન્ન અંગ છે. અલકાયદાનું માનવું છે કે કલમ ૩૭૦ હટ્યા બાદ કાશ્મીરમાં ભારત સરકારને સફળતા મળી છે. અલકાયદાએ આ નિવેદન પાકિસ્તાની સેના પર પોતાની ભડાશ કાઢવા માટે આપ્યું છે. પાકિસ્તાની સેનાને કાયર ગણાવતા અલકાયદાએ કહ્યું કે તેમના કારણે કાશ્મીરમાં આતંકવાદ ઓછો થઈ રહ્યો છે. આ સાથે જ તેમણે એમ પણ કહ્યું કે ભારત કાશ્મીરમાં હવે સફળ થઈ રહ્યું છે.



એ કયુ આ ઈ એ સા ની ઓફિશિયલ મેગેઝીન મુજબ ભારત સરકારની કાશ્મીર નીતિ સફળ રહી છે અને અલકાયદાએ તે માટે પાકિસ્તાનને ખુબ સંભળાવ્યું પણ છે. આતંકી સંગઠનનું કહેવું છે કે પાકિસ્તાની આર્મી ડરપોક છે અને તેઓ આતંકીઓને કાશ્મીર મોકલી શકતી નથી. હકીકતમાં મોદી સરકારે વર્ષ ૨૦૧૯માં કલમ ૩૭૦ને નિષ્પ્રભાવી કરી નાખી હતી. ત્યારબાદ અલકાયદાએ કાશ્મીર પર ફોકસ કર્યું છે અને તે અફઘાનિસ્તાન દ્વારા કાશ્મીર ખીણમાં આતંકવાદને વધારવા માંગે છે. પરંતુ ભારતીય સુરક્ષા દળો સતત આતંકીઓનો કાશ્મીરમાંથી સફાયો કરી રહ્યા છે. નિષ્ફળતાથી કંટાળીને હવે અલકાયદાએ પાકિસ્તાન પર ઊભરો ઠાલવ્યો છે.

મેગેઝીમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાની સેના તે આતંકીઓનો સફાયો કરી રહી છે જેમને કાશ્મીર માટે તૈયાર કરવામાં આવ્યા હતા. આ રીતે તે ભારતને જ ફાયદો પહોંચાડી રહી છે. ખૂંખાર આતંકી સંગઠન અલકાયદાએ કારગિલ યુદ્ધમાં મળેલી હારને લઈને પાકિસ્તાની સેનાની મજાક ઉડાવી છે. મેગેઝીનમાં અલકાયદાએ મુસલમાનોને એકજૂથ થવાનું આહ્વાન કરીને કાશ્મીરમાં સમર્થન આપવાનું કહ્યું છે.

અલકાયદાએ અસાર ગજાવત-ઉલ હિંદને કાશ્મીરનું એકમાત્ર સાચું આતંકી સંગઠન ગણાવ્યું છે. નોંધનીય છે કે અલકાયદા અને તેને સંલગ્ન આતંકી સંગઠનોના દરેક નાપાક ઈરાદાઓને કાશ્મીરમાં સુરક્ષાદળો નિષ્ફળ કરતા આવ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સેનાએ અનેક પાકિસ્તાની અને વિદેશી આતંકીઓને ઠાર કર્યા છે.

## પોલીગ્રાફ ટેસ્ટમાં આફતાબે શ્રદ્ધાની હત્યાની કબૂલાત કરી, તેને કોઈ પસ્તાવો પણ નથી

નવીદિલ્હી,તા.૩૦

શ્રદ્ધા મર્ડર કેસના આરોપી આફતાબે પોલીગ્રાફી ટેસ્ટમાં પણ પોતાનો ગુનો સ્વીકારી લીધો છે. આફતાબે પોલીગ્રાફી ટેસ્ટમાં કબૂલ્યું છે કે તેણે જ શ્રદ્ધાની હત્યા કરી હતી તેમજ આફતાબને શ્રદ્ધાની હત્યાનો કોઈ અફસોસ નથી. આફતાબનો પોલીગ્રાફી ટેસ્ટ કરાવનાર ફોરેન્સિક અધિકારીઓને ટાંકીને આ માહિતી સામે આવી છે.

શ્રદ્ધા મર્ડર કેસના આરોપી આફતાબે પોલીગ્રાફી ટેસ્ટમાં પણ પોતાનો ગુનો સ્વીકારી લીધો છે. આફતાબે પોલીગ્રાફી ટેસ્ટમાં કબૂલ્યું છે કે તેણે જ શ્રદ્ધાની હત્યા કરી હતી તેમજ આફતાબને શ્રદ્ધાની હત્યાનો કોઈ અફસોસ નથી. આફતાબનો પોલીગ્રાફી ટેસ્ટ કરાવનાર ફોરેન્સિક અધિકારીઓને ટાંકીને આ માહિતી સામે આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર પોલીગ્રાફી ટેસ્ટ દરમિયાન આફતાબનો વ્યવહાર એકદમ સામાન્ય હતો. આફતાબે કહ્યું કે તે પોલીસને બધુ જ જણાવી ચૂક્યો છે. હવે નિષ્ણાતો આફતાબના પોલીગ્રાફી ટેસ્ટનો અંતિમ રિપોર્ટ તૈયાર કરી રહ્યા છે. તપાસ અધિકારીને રિપોર્ટ સોંપવામાં આવશે. આ રિપોર્ટથી પોલીસને તપાસમાં મદદ મળવાની આશા છે.

એફએસએલના આસિસ્ટન્ટ ડાયરેક્ટર સંજીવ ગુપ્તાએ જણાવ્યું હતું કે છેલ્લા અઠવાડિયાથી ચાલી રહેલો આફતાબનો પોલીગ્રાફ ટેસ્ટ પૂરો થઈ ગયો છે. આફતાબનો નાર્કો ટેસ્ટ ૧ ડિસેમ્બરે કરવામાં આવશે. નાર્કો ટેસ્ટ પહેલા આફતાબનો પ્રી મેડિકલ ટેસ્ટ કંડક્ટ કરવામાં આવ્યો. આ પ્રી મેડિકલ ટેસ્ટ હ્વજીન લેબમાં જ કરાવવામાં આવ્યો જેનો રિપોર્ટ આજે આવશે. આફતાબનો નાર્કો ટેસ્ટ આંબેડકર હોસ્પિટલમાં થશે.આફતાબે ૧૮ મેના રોજ શ્રદ્ધાનું ગળુ દબાવીને હત્યા કરવાનો આરોપ છે. શ્રદ્ધા આફતાબની ગર્લફ્રેન્ડ હતી. બંને મુંબઈના રહેવાસી હતા. અહીં વસઈમાં બંને લિવ ઈન રિલેશનમાં રહેતા હતા. બાદમાં બંનેએ દિલ્હી રહેવાનો નિર્ણય કર્યો. બંને ૮ મેથી દિલ્હીના મહરૌલીમાં ફ્લેટમાં લિવ ઈનમાં રહેતા હતા. ૧૮ મેના રોજ શ્રદ્ધા અને આફતાબનો ઝઘડો થયો હતો જે બાદ આફતાબે તેની હત્યા કરી નાખી. તેના પછી આફતાબે તેની લાશના ૩૫ ટુકડા કરી ફ્રિજમાં રાખ્યા. તે દરરોજ રાત્રે મહરૌલીનાં જંગલમાં લાશના ટુકડાને ફેંકવા જતો હતો. પોલીસે આફતાબની ૧૨ નવેમ્બરના રોજ ધરપકડ કરી હતી.

## ભારત જી-૨૦ ના અધ્યક્ષ પદની શાનદાર ઉજવણી કરશે

નવીદિલ્હી,તા.૩૦

૧ ડિસેમ્બર એટલે કે આવતીકાલથી ભારત જી-૨૦ નું અધ્યક્ષ પદ સંભાળશે અને આ અવસરને ધ્યાનમાં રાખીને તેમજ ગૌરવ ની લાગણી લોકોમાં પેદા થાય તે માટે શાનદાર ઉજવણી કરવામાં આવશે અને તેની સમગ્ર યોજના જાહેર કરવામાં આવી છે. આવતીકાલે દેશભરમાં ૧૦૦ જેટલા સ્મારકો રોશની અને શણગારથી સજાવવામાં આવશે અને એમ કરીને આ અવસરની ભવ્ય ઉજવણી કરવામાં આવશે અને ત્યારબાદ ક્ષ્૨૦ ની બેઠકોનો દોર પણ શરૂ કરી દેવામાં આવશે.આવતા વર્ષે નવ અને ૧૦ સપ્ટેમ્બર ના રોજ જી-૨૦ દેશોનું શિખર સંમેલન યોજાશે અને જે પહેલા દેશના ૫૦ જેટલા શહેરોમાં ૨૦૦થી વધુ બેઠકો યોજાશે અને પ્રથમ બેઠક ઉદયપુરમાં ચારથી સાત ડિસેમ્બર સુધી યોજાશે તેવી યોજના બનાવવામાં આવી છે અને સમગ્ર કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે.વિદેશ મંત્રાલયના સૂત્રોએ મીડિયાને ઉપરોક્ત માહિતી આપી છે અને એમ કહ્યું છે કે જી-૨૦ ના આયોજનને ઐતિહાસિક બનાવવા માટે મોટાપાયે તૈયારીઓ કરવામાં આવી રહી છે અને આ અવસર પર ભારત વિભિન્ન ક્ષેત્રોમાં થયેલી પોતાની પ્રગતિ અને પ્રદર્શિત કરશે અને સાથોસાથ પર્યટન તેમજ સંસ્કૃતિ અને તહેવારોને પણ ક્ષ્૨૦ આયોજનમાં સામેલ કરવામાં આવશે.વિદેશ મંત્રાલયના અધિકારીઓએ એમ કહ્યું છે કે જી-૨૦ના ભવ્ય આયોજન મારફત બ્રાન્ડ ઈન્ડિયાને પ્રમોટ કરવામાં આવશે જે શહેરમાં બેઠકો થશે ત્યાંના પર્યટન સ્થળોને પણ બતાવવામાં આવશે અને એ જ રીતે ત્યાંની કલા અને સંસ્કૃતિને પણ પ્રદર્શિત કરવામાં આવશે અને ત્યાંના ઉત્પાદનોની ગિફ્ટ આપવામાં આવશે.

## ભારત-ઓસ્ટ્રેલિયા વેપાર કરારની તારીખ નક્કી, ડિસેમ્બર ૨૯ થી લાગુ થશે


*નવીદિલ્હી,તા.૩૦*

*ઓસ્ટ્રેલિયા-ભારત ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ ૨૯ ડિસેમ્બરથી અમલમાં આવશે. ભારતમાં ઓસ્ટ્રેલિયાના હાઈ કમિશનર બેરી ઓ’ફેરેલે બુધવારે આ જાહેરાત કરી હતી. એમ્બેસેડર ઓ’ફેરેલે ટ્વિટ કર્યું, "તારીખ નક્કી થઈ ગઈ છે! ઑસ્ટ્રેલિયા-ભારત આર્થિક સહકાર અને વેપાર કરાર ૨૯ ડિસેમ્બરથી અમલમાં આવશે, જે બંને દેશો માટે નવી બજાર ઍક્સેસની તકો પ્રદાન કરશે અને આવનારા દાયકાઓ સુધી મિત્રતા સુરક્ષિત કરશે."ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનિસના નિવેદનના એક સપ્તાહ બાદ આ જાહેરાત કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે ભારત સાથે દેશનો ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો છે. અલ્બેનીઝે ૨૨ નવેમ્બરના રોજ ટ્વિટ કર્યું, "બ્રેકીંગઃ ભારત સાથેનો અમારો મુક્ત વેપાર કરાર સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો છે."આજે એક અખબારી નિવેદનમાં અલ્બેનીઝ સરકારે કહ્યું કે તે પુષ્ટિ કરે છે કે ભારત સરકારે ઓસ્ટ્રેલિયા-ભારત આર્થિક સહકાર અને વેપાર કરારના અમલીકરણ માટે તેની સ્થાનિક જરૂરિયાતોને પૂર્ણ કરી છે. આ વેપાર કરાર બંને દેશોને એકબીજાના માર્કેટમાં નવી પહોંચ આપશે.*

*આ કરાર ઓસ્ટ્રેલિયન વ્યવસાયો અને ગ્રાહકો માટે ૨૯ ડિસેમ્બરથી અમલમાં આવશે. ઑસ્ટ્રેલિયાની સંસદે ગયા અઠવાડિયે વેપાર સોદા માટે તેની સ્થાનિક જરૂરિયાતોને અંતિમ સ્વરૂપ આપ્યું હતું, જેમાં સરકારે સર્વસંમતિથી વેપાર સોદા સંબંધિત બિલ પસાર કર્યા હતા.*

## તંત્રી સ્થાનેથી...

# સરકાર-સુપ્રીમ વચ્ચે ગજગ્રાહ



સ્વાભાવિક રીતે જ તાજેતરમાં એ વાત પર ચર્ચા છેડાઈ કે ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિ પ્રક્રિયા મુદ્દે સુપ્રીમ કોર્ટની બંધારણીય પીઠે જેવી ટિપ્પણીઓ કરી અને કેન્દ્ર સરકારને જેવા અણિયાળા સવાલ પૂછ્યા, તેની શી જરૂર હતી? ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિની એક પ્રથા છે. તે અંતર્ગત એક પછી એક સરકારો તેમની નિયુક્તિ કરતી આવી છે. ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિને લઈને સમયે સમયે કેટલાક સવાલ ભલે ઊઠતા હોય, પરંતુ ચૂંટણીઓની નિષ્પક્ષતા પર કોઈ આંગળી નથી ઊઠી. સત્તારૂઢ પક્ષો એ જ ચૂંટણી કમિશ્નરોના કાર્યકાળમાં ચૂંટણી હાર્યા અને જીત્યા, જેમણે તેમને નિયુક્ત કર્યા હતા, તેથી એમ ન કહી શકાય કે તેમની નિયુક્તિમાં કોઈ પક્ષપાત કરવામાં આવ્યો. ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિને લઈને સુપ્રીમ કોર્ટ તરફથી કેન્દ્ર સરકાર પ્રત્યે આક્રમક વલણ અપનાવવાનું કારણ ગમે તે હોય, તેની અવગણના ન કરી શકાય કે કેન્દ્ર સરકારના મંત્રી અને વિશેષ રૂપે કાયદા મંત્રી સમયે સમયે ન્યાયાધીશોની નિયુક્તિની કોલેજિયમ સિસ્ટમ પર ટિપ્પણી કરતા રહે છે. આ ટિપ્પણીઓ સુપ્રીમ કોર્ટના વિભિન્ન ન્યાયાધીશો દ્વારા કોલેજિયમ વ્યવસ્થાને યોગ્ય ગણાવ્યા બાદ પણ કરવામાં આવી. હાલમાં જ એક કાર્યક્રમમાં કાયદામંત્રી કિરણ રિજિજુએ ન્યાયાધીશોની નિયુક્તિઓમાં સુધારની જરૂરિયાત પર ભાર મૂકતાં કહ્યું હતું કે કોલેજિયમ પ્રણાલીની પ્રક્રિયા અપારદર્શી છે અને ન્યાયપાલિકામાં આંતરિક રાજનીતિ પણ ચાલે છે. લાગે છે કે સુપ્રીમ કોર્ટને આવી ટિપ્પણીઓ કઠી રહી છે તેથી તે કેન્દ્ર સરકાર પર આક્રમક છે.

સુપ્રીમ કોર્ટ કોલેજિયમ વ્યવસ્થાને લઈને ભલે ગમે તે કહે અને પૂર્વ અને હાલના ન્યાયાધીશો તેના વિશે ચાહે ગમે તે દાવા કરે, ખરું એ છે કે આ વ્યવસ્થા અપારદર્શી અને લોકતાંત્રિક મૂલ્યોથી વિપરીત છે. દુનિયાના શ્રેષ્ઠ લોકતાંત્રિક દેશોમાં ક્યાંય જજ જજોની નિયુક્તિ નથી કરતા, પરંતુ ભારતમાં એવું ચાલે છે. પહેલાં એવું ન હતું, પરંતુ નરસિંહ રાવ સરકાર સમયે સુપ્રીમ કોર્ટે એક ચુકાદા દ્વારા ન્યાયાધીશોની નિયુક્તિનો અધિકાર પોતાના હાથમાં લઈ લીધો. હવે તે આ અધિકાર છોડવા તૈયાર નથી. સમસ્યા એ છે કે જજો દ્વારા જજોની નિયુક્તિ પ્રક્રિયામાં ક્યાંય કોઈ પારદર્શિતા નથી. આ પ્રક્રિયાને પારદર્શી બનાવવા માટે ૨૦૧૪માં બંધારણીય સંશોધન દ્વારા જે ન્યાયિક નિયુક્તિ આયોગ બનાવવામાં આવ્યું હતું, તેને સુપ્રીમ કોર્ટે ગેરબંધારણીય ગણાવીને રદ્દ કરી દીધું. ત્યારે તેણે કોલેજિયમ વ્યવસ્થાને દોષપૂર્ણ માની હતી, પરંતુ કોઈ નથી જાણતું કે તેણે તેમાં સુધારની પહેલ કેમ ન કરી?

ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિ પ્રક્રિયા પર એટર્ની જનરલે કહ્યું છે કે તે કાર્યપાલિકાના અધિકાર ક્ષેત્રનો મામલો છે અને ન્યાયપાલિકાએ તેમાં દખલ ન કરવી જોઈએ, પરંતુ સુપ્રીમ કોર્ટ આ પ્રક્રિયામાં દખલ કરવા તત્પર દેખાઈ રહી છે. તેણે ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિ પ્રક્રિયામાં સુધારની માંગ કરતી અરજીઓ પર વિચાર કરતાં હાલમાં જ નિયુક્ત કરાયેલા ચૂંટણી કમિશ્નર અરુણ ગોયલની પસંદગીની પ્રક્રિયાની ફાઈલ પણ મંગાવી લીધી. આ જ દરમ્યાન તેણે કેન્દ્ર સરકાર પર એવી ટિપ્પણીઓ કરી, જેની કોઈ જરૂરિયાત એટલા માટે ન હતી, કારણ કે આ ટિપ્પણીઓ અરુણ ગોયલની નિયુક્તિ સંબંધી ફાઈલ જોયા પહેલાં જ કરી દેવામાં આવી. સુપ્રીમ કોર્ટને વાંધો ત્યાં છે કે અરુણ ગોયલની નિયુક્તિ એક દિવસમાં કરી દીધી, જ્યારે આવું પહેલી વાર નથી બન્યું. સુપ્રીમ કોર્ટમાં ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિ પ્રક્રિયામાં સુધારની માંગ કરતી જે અરજીઓ દાખલ કરવામાં આવી છે, તેમાં એક અરજી વકીલ પ્રશાંત ભૂષણની છે, જે મોદી સરકારના કામકાજમાં મીનમેખ કાઢવા માટે જાણીતા છે. તેના પહેલાં તેઓ આવી જ કેટલીય અરજીઓ દાખલ કરી ચૂક્યા છે. એ સાચું કે સમયે સમયે ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિ પ્રક્રિયામાં સુધારની માંગ થતી રહે છે, પરંતુ તેનો મતલબ એ નહીં કે જે સુપ્રીમ કોર્ટ ન્યાયાધીશોની નિયુક્તિ પ્રક્રિયામાં સુધાર માટે તૈયાર ન હોય, તે અન્ય પદો પર નિયુક્તિઓમાં સુધાર માટે સક્રિયતા દેખાડે. શું એ વિચિત્ર નથી કે જે સુપ્રીમ કોર્ટને ચૂંટણી કમિશ્નરોના નાના કાર્યકાળથી પરેશાની છે, તે ખુદ પાછલાં ૨૪ વર્ષમાં ૨૨ મુખ્ય ન્યાયાધીશ આપી ચૂકી છે! તેમાંથી એકનો કાર્યકાળ તો માત્ર ૩૦ દિવસનો હતો.

## બિલ પર રાજ્યપાલની મંજૂરી માટે સમય મર્યાદા નક્કી કરી શકાતી નથી

કોચ્ચી,તા.૩૦

કેરળ હાઈકોર્ટે વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલોને રાજ્યપાલની સંમતિ માટેસમય મર્યાદા નક્કી કરવાનો ઈનકાર કર્યો હતો. આ સાથે હાઈકોર્ટે આ માંગ સાથે સંબંધિત જાહેર હિતની અરજી ને ફગાવી દીધી હતી.પીઆઈએલને ફગાવી દેતા કેરળ હાઈકોર્ટે કહ્યું કે બિલો પર સમય મર્યાદા નક્કી કરવી એ રાજ્યપાલનું કામ નથી. વિધાનમંડળનો અર્થ એ છે કે વિધાનસભા અથવા સંસદ જ આ અંગે કોઈ કાયદો અથવા નિયમ નક્કી કરી શકે છે.તમને જણાવી દઈએ કે, દેશના ઘણા રાજ્યોમાં, વિધાનસભાઓ દ્વારા પસાર કરવામાં આવેલા બિલ અથવા કાયદા વિવિધ કારણોસર લાંબા સમય સુધી રાજભવનમાં અટવાયેલા રહે છે.

કર્યું

પેટ ચોળીને શૂળ ઉભું કર્યું છે,
દાંત ખોતરીને શૂળ ઉભું કર્યું છે.
નદીને હોય છે વહેતા ઝરણનું શું?'
ઝરણું નિચોવી મૂળ ઉભું કર્યું છે!!
તમે કયાં રાજા મહારાજાધિરાજ છો?
ઈતિહાસ ચિતરીને કૂળ ઊભું કર્યું છે!!
કોઈની હસ્તિ શાશ્વત હોય છે ભલા?
પહાડ ભાંગીને ધૂળ બૂળ ઉભું કર્યું છે
બુરાઈ પર સદા જીત મેળવવા માટે ,
લોખંડ મસળીને મૂસળ ઉભું કર્યું છે!!
હવામાં ચોમેર દુર્ગંધનું સામ્રાજ્ય છે,
બદબુને ભાંગીને ગુગળ ઉભું કર્યું છે!!
ભરત વૈષ્ણવ
૩૦.૧૧.૨૦૨૨.

# વાઘબકરી ચાનું નામ-ચાનો લોગો બદલવા રાજુ રદીનું આહ્વાન!!!

" લો મેં મીઠું કરો" આટલું કહી રાજુ રદીએ અંજીર રોલનું બોક્સ મારી તરફ લંબાવ્યું.

" વાહ . આટલી મોંઘી મિઠાઇ!" મેં હરખ કર્યો.

" મારા પાસા પોબાર પડશે તો ગિરધરભાઇ તમને ખુશ કરી નાંખીશ. દસ રુપિયાની કટીંગ ચા નહીં પણ દા હોંગ પાઓ ચા પીવડાવીશ"રાજુએ ફૂલ કોન્ફિડન્સથી વાત કરી.

" આ દા હોંગ પાઓ કંઇ બલા છે? ચીનનું શહેર છે કે કોઇ નેતાનું નામ છે?" હું કન્ફયુઝડ થયો.

" ગિરધરભાઇ. દુનિયાની મોંઘામાં મોંઘી ચાનું નામ છે. તેની કિંમત સાંભળશો તો ચક્કર ખાઇને નીચે પડશો!!" રાજુએ મારી મધ્યમવર્ગીય મેન્ટાલિટી પર તેજ કસ્યો!" રાજુ કેટલી કિંમત છે!! હજાર રૂપિયા ? દસ હજાર રૂપિયા , લાખ રુપિયા? દસ લાખ રુપિયા ??" મેં રાજુને સવિકલ્પ પૂછયું.

"ગિરધરભાઇ. ચાની દુનિયા ગજબ છે. આપણે ચાના નામે કચરો ગટગટાવીએ છીએ. આપણે મમરી ચાને બેસ્ટ માનીએ છીએ. હકીકતમાં ડસ્ટ એટલે ભૂકી ચા બેસ્ટ હોય છે. ચા હકીકતમાં જંગલી છોડ છે. ચાની શોધ ચીનમાં થયેલ છે. હકીકતમાં ચાની શોધ ભૂલથી થઈ હતી. મીડિયા રિપોર્ટ મુજબ પૂર્વ ચાઈનાના બીજા રાજા શેન નૂંગે ભૂલથી ચાની શોધ કરી હતી. ખરેખર, એવુ થયુ હતુ કે શેનને ગરમ પાણી પીવાની ટેવ હતી. એક વખત તેમનો સેવક તેમના માટે પાણી ગરમ કરી રહ્યો હતો, જેમાં ભૂલથી ચાના પાંદડા પડી ગયા. આ પાણી જ્યારે રાજાએ પીધુ ત્યારે એક અલગ પ્રકારની તાજગીનો અહેસાસ થયો. તેમણે સેવકને પૂછ્યું કે આ ગરમ પાણીમાં શું મિલાવ્યુ હતું તો તેણે રાજાને આખી વાતનો ચિતાર આપ્યો. બસ ત્યારથી તેઓ ચા પીવા લાગ્યા." રાજુએ ચા વિશેનું વિશેષ જ્ઞાન પીરસ્યું!!" રાજુ. ચા ફક્ત તમને તાજગી નહીં પરંતુ સાથે-સાથે શક્તિ પણ આપે છે અને આખરે એ જ કારણ છે કે ચીને ૪૭૦૦ વર્ષ પહેલા શોધેલી ચા અંગે નવમી સદી સુધી દુનિયાને જાણ થઈ નહોતી. બાદમાં જાપાનને આ અંગે ખબર પડી એટલે જાપાને આ વાત યુરોપ સુધી પહોંચાડી. આવી રીતે ચા દુનિયામાં પ્રખ્યાત થઈ. ભારતમાં પણ ચાનું મહત્વ કોઈ ઔષધિથી ઓછું નથી. માથુ દુઃખતુ હોય તો કડક ચા, શરદી ખાંસી થઈ હોય તો આદુવાળી ચા, ત્યાં સુધી કે આળસ દૂર કરવી હોય તો પણ ચા કામ આવે છે. ચા અહીં દરરોજ જીવનમાં ઉપયોગી છે. જેના વગર લોકોના દિવસની શરૂઆત થતી નથી." મેં ચાની ઓષધિકીય અસર દર્શાવી.

"ગિરધરભાઇ. જેની ચા બગડી એનો દિવસ બગડ્યો એવું કહેવાય છે. ભારતમાં ચાના પ્રવેશની કહાણી દિલચસ્પ છે. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના મેજર જનરલ અરૂણાચલ પહોંચ્યા તો ફરી એક વખત તેમની તબિયત ખરાબ થતાં ત્યાંના લોકોએ તેમને દવા તરીકે ચા આપી ત્યારે આ વાત ખુલીને સામે આવી. ત્યારબાદ કોલકત્તામાં બૉટેનિકલ ગાર્ડનમાં ચાની પત્તીઓ મોકલવામાં આવી અને તપાસના બે તબક્કા બાદ છેલ્લે તેને 'આસામ ટી'ના રૂપમાં ઓળખ મળી. આ ઘટના ૧૮૩૧ થી ૧૮૩૪ વચ્ચેની છે. દેશમાં ખૂબ જ ઓછા લોકોને આ વાતની ખબર છે કે ભારતના ૧૬ રાજ્ય ચાનું ઉત્પાદન કરી રહ્યાં છે. ભારતમાં મળતી ચાની વિવિધતાની સામે આજે વિશ્વ બજારમાં ચીન પાછળ છે. ભારતમાં આસામ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરૂણાચલ પ્રદેશ, ત્રિપુરા, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, તામિલનાડુ, કેરળ, કર્ણાટક, બિહાર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને ઓડિશોમાં ચાનું ઉત્પાદન થાય છે." રાજુએ ટી એસ્ટેટના મેનેજર જેમ માહિતી આપી.

"રાજુ. ગુજરાતીઓને ચા પીતા જ નથી આવડતું . ચાને ખૂબ ઉકાળે છે. ચાના કપમાં દોથો ભરીને ખાંડ ધાબડે છે. એલિયમિનિયમ ઊકળીને ચાના કપમાં એલચીની જેમ ઉમેરાય છે. અંગ્રેજો કે હાઇ સોસાયટીના લોકો સર્વિસ ટી પીએ છે. કેટલાક ગામોમાં ચામાં ખાંડને બદલે ગોળ વાપરવામાં આવે છે ગુજરાત બહાર કે ભારત બહાર દૂધ વગરની ચા પીવે છે. સૌરાષ્ટ્રમાં દૂધ વગરની ચાને કાવો રહે છે. ચામાં મીઠું પણ નાંખવામ્ આવે છે. કેટલાક દેશોમાં ચામાં લીંબુ નાંખવાનાં આવે છે. ચામાં ટેનિન નામનું તત્વ હોય છે. જે સ્વાસ્થ્યને નુકસાનકારકલ છે. પચાસ સો વરસ પહેલાં ચાને દૂષણ માપવામાં આવતું હતું. ચા પીનાકનો શરાબી કે દારૂડિયાની જેમ ઉપહાસ, તિરસ્કાર કરવામાં આવતો હતો. ચાને પૃથ્વી પરનું અમૃત માનવામ્ આવે છે. કેટલાક ચાને દસમા ભક્તિ કે ચાને દસમો રસ માને છે, જે નિંદા કૂથલી કરતાં પણ લોકપ્રિય છે. સ્વર્ગમાં સોમરસ છે. પણ ચાની કિટલી , ટપરી, ગલ્લો કે અડ્ડો હોવાની માહિતી ઉપલબ્ધ નથી. ભગવાનની આરાધના કરનાર સંપતિ, સુખ, એશોઆરામ કે ઐશ્ચર્યની માંગણી કરે છે પણ ચા માંગી હોવાનો કિસ્સો ચિત્રગુપ્તના ચોપડે નોંધાયેલ નથી. " મેં ચા પુરાણ ખોલ્યું ."ગિરધરભાઇ.આપણે ત્યાં વાઘબકરી ચા ફેમસ છે. તેના લોગોમાં વાઘ-બકરી દર્શાવવામાં આવેલ છે. જે દામ્પત્યજીવનની વિષમના, કારુણ્ય કે વાસ્તવિકતા બયાન કરે છે. પરંતુ, આ લોગોમાં ભૂલ છે. ઘરવાળી ( ખુદની સગી કે બહારની પારકી ઘરવાળી) બકરી હોતી નથી.ઘર બહાર વાઘસ્વરૂપ વર કે પતિ ઘરમાં પ્રવેશતા બલિનો બકરાનાં તબદિલ થાય છે. વાઘબકરી ચાના લોગોમાં વાઘણ-બકરો દર્શાવવા જોઇએ. ચાનું નામ વાઘણ-બકરો રાખવું જોઇએ" રાજુએ અવૈજ્ઞાનિક સંશોધન કર્યું!!

"રાજુ. પેલી ચાઈનીઝ ચા દા હોંગ પાઓની કિંમત તે કહી નહીં!!" મેં રાજુને ચૂંટલી ખણી.

"ગિરધરભાઇ. આ ચા ચીનના ફુનિયાત પ્રાંતમાં થાય છે, જે દુર્લભ હોવાથી તેને રાષ્ટ્રીય ખજાનો કહેવામાં આવે છે. દા હોંગ પાઓ ચાની એક કિલોની કિંમત ૨૦૦૫માં ૧૨,૦૦.૦૦૦ઈ ડોલર ઉપજેલી. જેની ભારતીય ચલણમાં કિંમત ૯,૦૦,૦૦,૦૦૦ એટલે કે નવ કરોડ રૂપિયા થવા જાય છે!!ચીનની પાંડા ડંગ નામની ચાની એક કિલોની કિંમત રુપિયા ૫૭.૦૦.૦૦૦, સિંગારુરની સોનાના પાંદડાંની જેમ ચમકતી ગોલ્ડ ટી બર્ડસ ચાના એક કિલોના રૂપિયા ૬,૦૦,૦૦૦ છે. દાર્જિલિંગમાં ઉગતી અને જેના પાંદડા પુનમને રાતે જ ચૂંટવામાં આવે છે તેવી સિલ્વર ઈન્પિરિયલ ચા ચાંદી જેવી ભાસે છે. જે ભારતની સર્વાધિક મોંઘી ચા છે. જેની કિંમત રૂપિયા દોઢ લાખ પ્રતિ કિલો છે!!!"રાજુએ અધધધ કિંમતની ચાની વિગતો ચાની જેમ પિરસી. ગરમ ગરમ ચા પીતાં મો દાઝી જાય તેવી મારી દશા થઇ!!

મારા પક્ષે અંચબિત થવા અને હેં હેં હેં કરવા સિવાય કોઇ વિકલ્પ નિર્વિકલ્પ રહે છે!!!

ભરત વૈષ્ણવ
૩૦.૧૧.૨૦૨૨.

આ લેખનો ઉદેશ હાસ્ય નિષ્પનન કરવાનો છે. કોંઇનું અપમાન કરવાનો નથી. મહેરબાની કરીને બંધબેસતી પાઘડી ન પહેરવા વિનંતી છે. અસ્તુ.)

### ઈસ્લામમાં આત્મહત્યા હરામ છે એટલે હું જીવિત છું: આઝમ ખાન

# મારો મત આપવાનો અધિકાર ખતમ કરી દીધો છે, પરંતુ મારી પાસે હજુ પણ પાર્ટીના ઉમેદવારો માટે મત માંગવાનો અધિકાર છે

રામપુર,તા.૩૦

ઉત્તર પ્રદેશમાં રામપુર સદર વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણી માટે ૫ ડિસેમ્બરે મતદાન થશે અને ત્રણ દિવસ પછી ૮ ડિસેમ્બરે પરિણામ જાહેર કરવામાં આવશે. આ બેઠક પર સમાજવાદી પાર્ટી અને સત્તાધારી ભાજપ વચ્ચે જબરદસ્ત જંગ છે. બંને પક્ષોએ પાયાના સ્તરે સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે. આ યાદીમાં સપાનેતા આઝમ ખાનનો પણ સમાવેશ થાય છે, જે રામપુરમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ભાવુક થઈ ગયા હતા. એક જાહેર સભામાં તેમણે પોતાનું દર્દ વર્ણવતા કહ્યું કે, ઈસ્લામમાં આત્મહત્યા કરવાની મનાઈ છે, તેથી જ હું હજી જીવિત છું. એ લોકો મને મારી શકતા નથી, કારણ કે તેઓ ઈચ્છે છે કે હું મારી એડી ઘસી-ઘસીને મરી જાઉં. તેઓ મને ભારતમાંથી બહાર કાઢવા માંગે છે.







સપા નેતાએ કહ્યું, અઝહર ખાન જેલના સળિયા પાછળ કેદ છે. હું તેની પત્નીના આંસુ જોઈ શકતો નથી. બાળકો પણ જેલમાં છે. જો તમારે મારું મૃત્યુ જોઈતું હોય તો મને મારી નાંખો. ગોળી મારી દો મને. જીવનની તકલીફો કરતાં મારું એ મૃત્યુ સસ્તું પડશે. તેમણે કહ્યું, હું ખૂબ તકલીફ સહન કરી રહ્યો છું. અમારા પર હસો, જોરજોરથી હસો. હું આ જીવનથી થાકી ગયો છું. હું તમારી પાસે મૃત્યુ માંગવા આવ્યો છું.

આ દરમિયાન આઝમ ખાન જિલ્લા વહિવટીતંત્ર દ્વારા તેમના સમર્થકોની હેરાનગતિ અને પાર્ટીના નેતાઓની ઉદાસીનતાથી ખૂબ જ પરેશાન જોવા મળ્યા હતા.એસપી નેતાએ કહ્યું કે, જિલ્લા વહિવટીતંત્ર અને સ્થાનિક પોલીસ સપાના કાર્યકરોને ધમકાવી રહ્યા છે અને તેમના ઘરમાં ઘૂસીને, તેમના પરિવારની મહિલા સભ્યો સાથે ગેરવર્તન કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, રામપુર વિધાનસભા બેઠક પર ૫ ડિસેમ્બરે યોજાનારી પેટાચૂંટણીમાં તેમને પોતાનો મત આપવાથી રોકવા માટે આવું કરવામાં આવી રહ્યું છે.

તેમણે કહ્યું, પોલીસે મારી પત્ની અને રામપુરના પૂર્વ સાંસદ તાન્ઝીન ફાતિમાને પણ ધમકી આપી અને તેના માટે વાંધાજનક ભાષાનો ઉપયોગ કર્યો. આઝમ ખાને કહ્યું કે, પોલીસની એક ટીમે રામપુર મ્યુનિસિપલ કોર્પોરેશનના ગુમ સાધનોના મામલામાં સપા નેતાના સહ-આરોપી મોહમ્મદ તાલિબના ઘરે દરોડો પાડ્યો હતો. આ ઉપકરણને આ વર્ષે સપ્ટેમ્બરમાં જૌહર યુનિવર્સિટીમાંથી રિકવર કરવામાં આવ્યું હતું. આ કેસમાં તાલિબ ફરાર છે અને પોલીસે તેની સામે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે.

આઝમે આરોપ લગાવ્યો હતો કે, પાર્ટીના ૫૦ કાર્યકર્તાઓના દરવાજા તોડવામાં આવ્યા હતા અને ઘણા નિર્દોષ લોકોને રસ્તા પરથી ઉપાડી લેવામાં આવ્યા હતા. તેણે મહિલાઓ માટે અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો. મહિલાઓ સાથે આવું અમાનવીય અને શરમજનક વર્તન પ્રશાસનને શોભતું નથી. મારી પત્ની તાલિબની વૃદ્ધ માતાને જોવા ગઈ હતી, જેની તબિયત સારી ન હતી, ત્યારે પોલીસે તેની શોધમાં ઘર પર દરોડો પાડ્યો હતો.

આઝમ ખાને કહ્યું કે, તેઓએ મારો મત આપવાનો અધિકાર ખતમ કરી દીધો છે, પરંતુ મારી પાસે હજુ પણ પાર્ટીના ઉમેદવારો માટે મત માંગવાનો અધિકાર છે.

મારી પાસે પોલીસ અત્યાચારના વીડિયો છે અને અમે તેને કોર્ટમાં રજૂ કરીશું. મને લાગે છે કે, મારે જીના વડા અખિલેશ યાદવને કહેવું જોઈએ કે, તેઓ ભારતીય ચૂંટણી પંચને વિનંતી કરે કે, તેઓ મ્નના ઉમેદવારને વિજેતા જાહેર કરે, કારણ કે અહીં કોઈ ચૂંટણી ચાલી રહી નથી. અમારા મતદારોને ધમકી આપવામાં આવી રહી છે કે, તેઓ મતદાન ન કરે, નહીં તો તેમના ઘર ખાલી કરી દેવામાં આવશે.

### ઉતરપ્રદેશના ફિરોઝાબાદમાં

# ભીષણ આગના કારણે એક જ પરિવારના ૩ બાળકો સહિત ૬ લોકોના મોત નિપજયાં

ફિરોઝાબાદ,તા.૩૦

ઉતરપ્રદેશના ફિરોઝાબાદના જસરાણા તાલુકાના પધમ શહેરમાં મંગળવારે મોડી સાંજે ભીષણ આગ લાગી હતી. શહેરના મુખ્ય બજારમાં આવેલા વેપારીની ત્રણ માળની બિલ્ડીંગના ભોંયરામાં બનેલા ફર્નિચરના શોરૂમમાં આગ ફાટી નીકળી હતી. જેમાં છ લોકોના કરુણ મોત નિપજ્યા છે. વેપારી પરિવારના સભ્યો, દુકાનની ઉપરના બીજા અને ત્રીજા માળે બનાવેલા નિવાસસ્થાનમાં ફસાઈ ગયા હતા.

આગ એટલી ભીષણ હતી કે પરિવારના સભ્યોને બચવાની કોઈ જ તક મળી ના હતી. લગભગ ત્રણ કલાક પછી દોઢ ડઝન જેટલા ફાયર ફાઈટર એ આગ પર કાબૂ મેળવ્યો હતો.

આગને કાબુમાં લીધા બાદ ફાયર બ્રિગેડના જવાનો ઉપરના માળે પહોંચ્યા હતા. જ્યાં વેપારી પરિવારના છ સભ્યોના સળગેલા મૃતદેહ મળી આવ્યા હતા. મૃતકોમાં બે મહિલા, એક યુવક અને ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. જસરાણા તાલુકાથી ૧૪ કિમી દૂર પદમ નગરના મુખ્ય બજારમાં રમણ રાજપૂતના ત્રણ માળના મકાનમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ફર્નિચર અને ઈલેક્ટ્રોનિક્સનો વ્યવસાય છે. તેમનો પરિવાર અને બે પુત્ર બીજા અને ત્રીજા માળે રહે છે.

જસરાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી આ દુકાન ઈલેક્ટ્રોનિક સામાન અને ફર્નિચરની હતી.

પોલીસ અધિકારીએ જણાવ્યું કે આગનું કારણ પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટ સર્કિટ હોવાનું જણાય છે. આગને કાબૂમાં લેવા માટે આગ્રા, મૈનપુરી, એટાહ અને ફિરોઝાબાદથી ૧૮ ફાયર ફાઈટર તૈનાત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૧૨ પોલીસ સ્ટેશન અને પોલીસ ચોકીની પોલીસ પણ બચાવ કાર્યમાં લાગેલી છે. તેમણે જણાવ્યું કે લગભગ અઢી કલાક બાદ આગ પર કાબૂ મેળવી શકાયો.

ફિરોઝાબાદના પધમ શહેરમાં આગની ઘટનામાં ૬ લોકોના મોત પર ઊંડું દુઃખ વ્યક્ત કરતા ઉતરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે શોકગ્રસ્ત પરિવારોને સાંત્વના પાઠવી હતી. તેમણે ફિરોઝાબાદના અધિકારીઓને તાત્કાલિક રાહત કાર્યમાં લાગી જવા સૂચના આપી હતી.

આ સાથે મૃતકોના પરિવારજનોને બે-બે લાખની આર્થિક સહાયની જાહેરાત કરી હતી.

# દિલ્હીમાં એમસીડી ચૂંટણી વચ્ચે કેન્દ્રનો માસ્ટર પ્લાન ૨૦૪૧, ગેરકાયદે વસાહતોને કાયદેસર કરાશે

નવીદિલ્હી,તા.૩૦

દિલ્હીમાં એમસીડી ચૂંટણીઓ વચ્ચે, ભાજપે રાજધાનીની વસાહતો અને રહેણાંક વિસ્તારોના કાયાકલ્પ માટે તેની સંપૂર્ણ યોજના આગળ ધપાવી છે. જેમાં કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું કે ટૂંક સમયમાં કેન્દ્રની યોજના હેઠળ દિલ્હીની ગેરકાયદે કોલોનીઓને ગેરકાયદે વસાહતોને કાયદેસર કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આ પીએમ ઉદય યોજનાથી દિલ્હીના ૫૦ લાખ લોકોને ફાયદો થશે. તેમણે કહ્યું કે દિલ્હીની વસ્તી સતત વધી રહી છે, તેને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર સતત ગરીબોને ઘર આપી રહી છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, આગામી વસ્તી ગણતરીમાં દિલ્હીની વસ્તી બે કરોડથી વધુ થશે. હવે, આ વસ્તી માટે અમારી પાસે જે યોજનાઓ છે, તેમાં જ્યાં ઝુપડપટ્ટી ત્યાં મકન યોજનાના ૧૦ લાખ લાભાર્થીઓ હશે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ગેરકાયદે કોલોનીનો મુદ્દો લટકતો રાખ્યો હતો. અમને આશા છે કે ગેરકાયદે વસાહતોને કાયદેસર કરીને ૫૦ લાખ નાગરિકોને ફાયદો થશે.

હરદીપ સિંહ પુરીએ કહ્યું કે દિલ્હીના લગભગ ૧ કરોડ ૩૫ લાખ નાગરિકોને રિડેવલપમેન્ટનો લાભ મળશે. ૨૦૪૦ સુધીમાં દિલ્હીની કુલ વસ્તી ૩૦ મિલિયન સુધી પહોંચી જશે. વસ્તી સતત વધી રહી છે, પરંતુ જમીન સમાન છે. એટલા માટે દિલ્હી માટે ૨૦૪૧ સુધીનો માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં ગરીબો માટે પાકાં મકાનો અને ગેરકાયદે વસાહતોના પુનઃવિકાસની કામગીરીનો સમાવેશ કરાયો છે. મંત્રીએ જણાવ્યું કે લેન્ડ પૂલિંગ સ્કીમ હેઠળ ૭૫ લાખ લાભાર્થીઓ હશે.

# ભાજપ સરકારના પૂર્વ મંત્રી ધરમસિંહ સૈની ભાજપમાં જોડાયા

લખનૌ,તા.૩૦

પશ્ચિમ યુપીમાં ભાજપે સમાજવાદી પાર્ટીને મોટો ઝટકો આપ્યો છે કારણ કે સહારનપુરના સમાજવાદી પાર્ટીના મજબૂત નેતા અને પૂર્વ મંત્રી ધરમ સિંહ સૈની ખતૌલીમાં જાહેર સભા દરમિયાન સીએમ યોગી આદિત્યનાથની હાજરીમાં ભાજપમાં જોડાયા છે પશ્ચિમ યુપીના પછાત વર્ગમાં ભાજપ માટે આને મોટો ફટકો માનવામાં આવે છે. આને સૈનીની ભાજપમાં ઘર વાપસી કહેવામાં આવી રહી છે.

હકીકતમાં સૈનીએ વિધાનસભા ચૂંટણી પહેલા પછાત વર્ગની ઉપેક્ષા કરવાનો આરોપ લગાવી અખિલેશ યાદવ સાથે હાથ મિલાવ્યા હતા. તે સમયે સૈની ભાજપ સરકારમાં આયુષ મંત્રી હતા.

કહેવાય છે કે, સહારનપુરથી ચૂંટણી હાર્યા બાદ સપામાં ધરમ



સિંહ સૈનીને સાઇડલાઇન કરી દેવામાં આવ્યા હતા.

ધરમ સિંહ સૈનીએ કહ્યું હતું કે, મેં બીજેપી છોડી દીધી કારણ કે, મારું કોઈ પણ રીતે સાંભળવામાં આવ્યું ન હતું.

સંસ્થાના હોદ્દેદારોને પણ સાંભળવામાં આવ્યા ન હતા. જ્યારે ૧૪૦ ધારાસભ્યોએ ધરણા કર્યા ત્યારે બધાને ધમકી આપવામાં આવી હતી, તેથી જ બધાએ નક્કી કર્યું હતું કે તેઓ યોગ્ય જવાબ આપશે.

સૈનીએ એવો પણ દાવો કર્યો હતો કે, દરરોજ એક મંત્રી અને ૨ થી ૩ ધારાસભ્યો તેમની સાથે ભાજપ છોડશે.

ત્યારે ચૂંટણી પહેલા ભાજપના ૨૦ જેટલા નેતાઓએ ભાજપ છોડી દીધું હતું.

નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૯માં ભાજપના ધારાસભ્યો વિધાનસભાની અંદર તેમની જ સરકાર વિરુદ્ધ ધરણા પર બેઠા હતા, જોકે સરકાર અને સ્પીકરના આશ્વાસન પછી ધારાસભ્યોએ ધરણા કાર્યક્રમ પાછો ખેંચ્યો હતો.

મહત્વનું છે કે, ડો.ધરમસિંહ સૈની એક જ બેઠક પરથી સતત ચાર વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેઓ ૨૦૦૨માં સરસાવા (હાલ નકુડ) વિધાનસભા બેઠક પરથી બસપા તરફથી પ્રથમ વખત ધારાસભ્ય બન્યા હતા.

આ પછી ૨૦૦૭ની ચૂંટણીમાં અને ફરીથી ૨૦૧૨ (હાલ નકુડ)માં તેઓ મ્જીઁ તરફથી ત્રીજી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા.

આ પછી ૨૦૧૬માં તેણે પોતાનું બેનર બદલ્યું.

તેણે ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી હતી અને ચોથી વખત ચૂંટણી જીતી હતી. ત્યારબાદ ૨૦૨૨માં વિધાનસભા ચૂંટણી પહેલા તેઓ ભાજપ છોડીને સપામાં જોડાયા હતા.

તેઓ નકુડથી ચૂંટણી લડ્યા હતા પરંતુ ભાજપના ઉમેદવાર મુકેશ ચૌધરી સામે ૩૧૫ મતોના માર્જિનથી હારી ગયા હતા.

## એમસીડી ચુંટણી

# ભાજપ-કોંગ્રેસ અને આપ પાર્ટીના જીતના દાવા વચ્ચે નાના અને અપક્ષો પડકાર બન્યા

નવીદિલ્હી,તા.૩૦

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષો એડી ચોટીનું જોર લગાડી રહ્યા છે. દિલ્હી સ્ઝ્ર્દ્ગ ચૂટણીની વાત કરીએ તો ભાજપ, આપ અને કોંગ્રેસ વચ્ચે લડાઈ જામશે અને તેના માટે બધા પક્ષ મુદ્દાઓ સાથે મેદાનમાં ઉતરી પડ્યા છે. રાજકીય ઘમસાણ વચ્ચે એમસીડી ચૂંટણી માટે ચાર ડિસેમ્બરના રોજ મતદાન છે તો પરિણામ સાત ડિસેમ્બરના રોજ આવશે. જો કે મહત્વની વાત એ છે કે નાના પક્ષો સાથે બસપાએ પણ ચૂંટણીમાં ઝુકાવતા મુખ્ય પક્ષો માટે તે માથાનો દુઃખાવો બની શકે છે.

આ વખતે ઓવૈસીની પાર્ટી અને ચંદ્રશેખરની પાર્ટી આઝાદ સમાજ બંને સાથે મળીને ચૂંટણી લડી રહ્યા છે. આ ગઠબંધનને વિશ્વાસ છે કે મુસ્લિમ અને દલિત મતદારો તેમના ઉમેદવારના સમર્થનમાં મ ત દા ન કરશે.એઆઈએઆઈએમએ કુલ ૧૫ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. જણાવી દઈએ કે દિલ્હીમાં મુસ્લિમોની વસ્તી લગભગ ૧૩ ટકા છે. આ જ્ઞાતિ સમીકરણને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે લઘુમતી સમુદાયમાંથી ૨૪ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે આપે સાત અને ભાજપે ચાર મુસ્લિમ ચહેરાઓને ટિકિટ આપી છે. આ વખતે દિલ્હીના ૨૫૦ મ્યુનિસિપલ વોર્ડમાં ચૂંટણી થઈ રહી છે.

ચૂંટણી પંચની વેબસાઈટ મુજબ ભાજપ અને આમ આદમી પાર્ટીએ ૨૫૦સીટ પર તો કોંગ્રેસના કુલ ૨૪૭ ઉમેદવારો મેદાનમાં છે. બહુજન સમાજ પાર્ટીએ ૧૩૨ ઉમેદવારોને ટિકિટ આપી છે. આ સિવાય ૧૨ અન્ય રાજકીય પક્ષોએ પણ ઘણી બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે. ઘણી બેઠકો પર અપક્ષ ઉમેદવારો પણ ચૂંટણી લડી રહ્યા છે.આ વખતે બસપા, સમાજવાદી પાર્ટી, સીપીઆઈ, સીપીઆઈ(એમ) , એનસીપી, આરએલડી પક્ષ દ્વારા એમસીડી ઈલેક્શનમાં પોતાના ઉમેદવારોને ઉતારીને શક્તિનું પ્રદર્શન કરી રહ્યા છે જો કે આ જ બધા પક્ષના ઉમેદવારો મુખ્ય પાર્ટીની જીતના સમીકરણને નુક્શાન પોહચાડી શકે છે. જ્ઞાતિ આધારિત રાજકારણને લઈને મતોની વહેચણી અગર થઈ જાય છે તો આપ, ભાજપ અને કોંગ્રેસના ઘણા ઉમેદાવારો માટે જીત કપરી બની શકે છે.

વર્ષ ૨૦૧૭ની એમસીડી ચૂંટણીની વાત કરીએ તો ૨૭૦ બેઠક માટે આપ અને ભાજપ પાર્ટી તેમજ કોંગ્રેસ સહિત ૧૮ પક્ષ એવા હતા કે જેમણે અનેક વોર્ડમાં ભાજપ અને આપ પાર્ટીના સમીકરણો ખોરવી નાખ્યા હતા, ૯ બેઠક એવી હતી કે જેમા અપક્ષ સહિતની બીજી પાર્ટીને જીત મળી હતી, એટલે જ આ વખતે ફાટેલા અપક્ષો અને બીજી પાર્ટીના રાફડાને લઈ મુખ્ય પક્ષોના કપાળે ચિંતાની લકીરો ખેંચાઈ છે.

## ૮૨ ડોલર સુધી ક્રૂડ ઓઇલના ભાવ ઘટ્યા

# કંપનીઓને થયેલા નુક્સાનની ભરપાઈ થઈ ગઈ: પેટ્રોલ-ડીઝલના ભાવ ૧૪ રૂપિયા સુધી ઘટી શકે છે

**ભારત તેની જરૂરિયાતના ૮૫% કરતાં વધુ ક્રૂડ ઓઇલ બહારથી ખરીદે છે. આની કિંમત આપણે ડોલરમાં ચૂકવવી પડે છે.**

નવીદિલ્હી,તા.૩૦

ક્રૂડ ઓઈલના ભાવ ઓછા થવાના કારણે દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૧૪ રૂપિયા સુધીનો ઘટાડો થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત જાન્યુઆરીથી નિચલા સ્તરે છે. હવે તે ૮૧ ડોલરથી પણ નીચે આવી ગયો છે. અમેરિકી ક્રૂડ ઓઈલ અંદાજે ૭૪ ડોલર પ્રતિ બેરલ છે. મે પછી પહેલીવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થઈ શકે છે ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર ઘટાડાથી ભારતીય રિફાઈનરીઓ માટે ક્રૂડ ઓઈલની સરેરાશ કિંમત ઘટીને બેરલ દીઠ ઈ૮૨ થઈ ગઈ છે. માર્ચમાં તે ઈ૧૧૨.૮ હતી. તે મુજબ ૮ મહિનામાં રિફાઈનિંગ કંપનીઓ માટે ક્રૂડ ઓઈલની કિંમતમાં ઈ૩૧ (૨૭%)નો ઘટાડો થયો છે.

એસએમસી ગ્લોબલના જણાવ્યા પ્રમાણે, દેશની ઓઈલ કંપનીઓ ક્રૂડમાં દર ૧ના ઘટાડા માટે રિફાઈનિંગ પર પ્રતિ લિટર ૪૫ પૈસા બચાવે છે. તે મુજબ પેટ્રોલ-ડીઝલના ભાવ ૧૪ રૂપિયા પ્રતિ લીટર ઓછો હોવો જોઈએ. જો કે, નિષ્ણાતોના મતે, સમગ્ર ઘટાડો એક જ વારમાં નહિ કરવામાં આવે.

અત્યારે દેશમાં પેટ્રોલ-ડીઝલની જે કિંમતો છે, તે પ્રમાણે તો ક્રૂડ ઓઈલનું ઈન્ડિયન બાસ્કેટ અંદાજે ૮૫ ડોલર પ્રતિ બેરલ હોવો જોઈએ, પરંતુ તે ૮૨ ડોલરની આસપાસ આવી ગયો છે. આ ભાવ પર ઓઈલ માર્કિંગ કંપનીઓ પ્રતિ બેરલ (૧૫૯ લીટર) રિફાઈનિંગ પર અંદાજે ૨૪૫ રૂપિયા બચાવશે.

પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પૂરીએ જણાવ્યું હતું કે સરકારી ઓઈલ કંપનીઓને પેટ્રોલ વેંચાણ પર હવે પ્રોફઈટ થવા લાગ્યો છે. પરંતુ ડીઝલ પર હજુ પણ ૪ રૂપિયા પ્રતિ લીટર સુધીનું નુક્સાન થઈ રહ્યું છે. ત્યારથી અત્યારસુધીમાં બ્રેંટ ક્રૂડ અંદાજે ૧૦% સસ્તું થઈ ગયું છે. તેવામાં કંપનીઓ ડીઝલમાં પણ નફો કરી રહી છે.

પેટ્રોલિયમ નિષ્ણાત નરેન્દ્ર તનેજાએ જણાવ્યું હતું કે બ્રેન્ટ ઝડપથી ૭૦ તરફ આગળ વધી રહ્યું છે. આનાથી ચોક્કસપણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થશે, પરંતુ તેમાં થોડો સમય લાગશે. તેલની આયાતથી રિફાઈનિંગ સુધીનું ચક્ર ૩૦ દિવસનું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતમાં ઘટાડો થયાના એક મહિના પછી આની અસર જોવા મળશે.દેશમાં તેલના ભાવ છેલ્લા લગભગ ૬ મહિનાથી લગભગ સ્થિર છે. જોકે જુલાઈમાં મહારાષ્ટ્રમાં પેટ્રોલ ૫ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલ ૩ રૂપિયા પ્રતિ લિટર સસ્તું થયું હતું, પરંતુ અન્ય રાજયોમાં કિંમતો યથાવત છે.

ભારત તેની જરૂરિયાતના ૮૫% કરતાં વધુ ક્રૂડ ઓઈલ બહારથી ખરીદે છે. આની કિંમત આપણે ડોલરમાં ચૂકવવી પડે છે. આવી સ્થિતિમાં ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારો અને ડોલરની મજબૂતીથી પેટ્રોલ અને ડીઝલ મોંઘા થઈ ગયા છે. ક્રૂડ ઓઈલ બેરલમાં આવે છે. એક બેરલ એટલે ૧૫૯ લિટર ક્રૂડ ઓઈલ થયું. જુન ૨૦૧૦ સુધી સરકાર પેટ્રોલની કિંમત નક્કી કરતી હતી અને દર ૧૫ દિવસે તેમાં ફેરફાર થતો હતો. ૨૬ જૂન, ૨૦૧૦ પછી સરકારે પેટ્રોલના ભાવ નક્કી કરવાનું કામ તેલ કંપનીઓ પર છોડી દીધું. એ જ રીતે ઓક્ટોબર ૨૦૧૪ સુધી સરકાર ડીઝલના ભાવ નક્કી કરતી હતી. ૧૯ ઓક્ટોબર ૨૦૧૪થી સરકારે આ કામ ઓઈલ કંપનીઓને સોંપી દીધું હતું. હાલમાં ઓઈલ કંપનીઓ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત, એક્સચેન્જ રેટ, ટેક્સ, પેટ્રોલ અને ડીઝલના ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અને અન્ય ઘણી બાબતોને ધ્યાનમાં રાખીને પેટ્રોલ અને ડીઝલની કિંમત રોજ નક્કી કરે છે.

# ભાજપના સત્તાવીશ વર્ષોના કુશાસન અને લોકોમાં જે હાડમારી છે તેનો પ્રતિભાવ આવતીકાલે જનતા કોંગ્રેસની તરફેણમાં મતદાન દ્વારા આપશે: ડો. રઘુ શર્મા




ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિત, રાજીવ ભવન ખાતે આજે ખાતે યોજાયેલ સંયુક્ત પત્રાકાર પરિષદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સંગઠન પ્રભારી અને રાજસ્થાનના સફળ પૂર્વ આરોગ્યમંત્રી ડો. શ્રી રઘુ શર્માજી, ભારતીય રાષ્ટ્રીય કોંગેસ મીડિયા અને પબ્લિસિટી ડિપાર્ટમેન્ટના ચેરમેન શ્રી પવન ખેરાજીએ સંબોધી હતી.

પત્રાકાર પરિષદને સંબોધતા ગુજરાત કોંગ્રેસના પ્રભારી ડો. શ્રી રઘુ શર્માજીએ જણાવ્યું હતું કે ગુજરાતનું ભાગ્ય બદલાવાનું છે. કાલે પ્રથમ ચરણનું મતદાન ગુજરાતમાં થવા જઇ રહ્યું છે. આ પરિસ્થિતિમાં અમને મળતી માહિતીને આધારે કેટલીક શંકાઓ જાય છે, કે સેન્ટ્રલ ફોર્સિસની પોલિંગ બૂથ પર ડ્યૂટી લગાડવામાં આવી છે. તેઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી રહી છે કે તેઓ પોલિંગ બૂથથી દોઢ કિલોમિટર દૂર ઊભા રહે. અને જ્યારે મતદાન પૂર્ણ થાય ત્યારે મતદાન કરેલા બોક્સીસ મતગણના મથક પર લઇ જવાય ત્યારે ગુજરાતની પોલીસ, હોમગાર્ડ અને ઠેકેદાર પોલીસની દેખરેખમાં લઇ જવામાં આવે. સેન્ટ્રલ ફોર્સિસની આમાં કોઇ ભૂમિકા નહી રહે. અમે ઈલેક્શન કમિશન અને ગુજરાત ચૂંટણી પંચને સામે માગણી કરી રહ્યા છીએ જો કોઇ દખલ થઇ અથવા તો કોઇ પ્રકારનું ષડયંત્ર રચાયું તો અમે સૌ જોઇ રહ્યા છે, ગુજરાતના લોકો જોઇ રહ્યા છે, અને ગુજરાતની જાગૃત મીડિયા જોઇ રહ્યું છે.નીડર મીડિયા જોઇ રહ્યું છે અને સમગ્ર દુનિયા જોઇ રહી છે. જો કેન્દ્ર સરકાર અથવા ભારતીય જનતા પાર્ટીના મનમાં કોઇ ષડયંત્રકારી વિચાર હોય તો આજે અમે તેઓને ચેતવણી આપી રહ્યા છીએ આ પ્રકારનું ષડયંત્ર કોંગ્રેસ ગુજરાતમાં ચલાવી નહીં લે. કાન ખોલી બન્ને( મોદી-અમિત શાહ) જણા સાંભળી લે, નાનાભાઇ અને મોટાભાઇ બન્ને સાંભળી લે. હું તો તમારી ભાષામાં તેમની ઓળખાણ બતાવી રહ્યો છું.

ગુજરાત કોંગ્રેસના પ્રભારી ડો. શ્રી રઘુ શર્માજીએ ગુજરાતના પ્રથમ-ચરણના સૌરાષ્ટ્ર અને દ. ગુજરાતનું મતદાન આવતી કાલે થઇ રહ્યું છે. બન્ને ઝોનના અહેવાલ કોંગ્રેસ પાસે આવી રહ્યા છે જેમાં લોકોના મનમાં ગુસ્સો છે, ભાજપના સત્તાવીશ વર્ષોના કુશાસન અને લોકોમાં જે હાડમારી છે તે આવતીકાલે લોકો મતદાન દ્વારા દેખાશે. પ્રધાનમંત્રી મોદીજી છેલ્લા આઠ મહિનાથી અને ગૃહ પ્રધાન અમિત શાહજી સતત ગુજરાતમાં ચૂંટણી જીતવા માટે કાર્યરત બની રહ્યા. હવે તો પૂરી દિલ્હી ખાલી થઇ ગઇ. ચાલીસ-ચાલીસ જેટલા કેન્દ્રિય મંત્રીઓ ગુજરાતના ચૂંટણી પ્રચારમાં આવી ગયા છે. એટલું જ નહીં ભાજપ શાસિત રાજ્યોના અસમ હોય કે મધ્યપ્રદેશ હોય તે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર ગલી ગલીમાં કરી રહ્યા છે. જો ભાજપએ ગુજરાતમાં સારૂં કામ કર્યું હોત તો આજે તેઓને આટલું પરેશાન થવાની જરૂર ન પડત. જેવી રીતે તેઓની સભામાં કોઇ જઇ નથી રહ્યું, ખુરશીઓ ખાલી હોય છે. તેઓએ ગૌરવયાત્રાનું દસ દિવસનું આયોજન કરાયેલું તે સાત દિવસમાં સમેટવી પડી. જનતાનો વિશ્વાસ ભાજપ ખોઇ ચૂકી છે. પ્રજાનું સમર્થન તેમને નથી મળી રહ્યું. આવી પરિસ્થિતિ ભાજપની ગુજરાતમાં થઇ છે. તેની સામે કોંગ્રેસને જાહેર સભા થઇ છે જેના તમામ વિઝ્યુઅલ્સ મારી પાસે છે. અમારી ધારણા કરતા પણ વધુ લોકો અમારી જનસભાઓમાં લોકો ઉમટી પડ્યા. લોકો કોંગ્રેસની સાથે છે. સત્તાવીશ વર્ષોથી ત્રસ્ત ગુજરાતના લોકોએ ગુજરાતમાં પરિવર્તન માટે નિર્ધાર કરી લીધો છે. લોકોનો આ મિજાજ તમને કાલના મતદાનમાં પણ જોવા મળશે અને આવનારી પાંચ તારીખના મતદાનમાં પણ જોવા મળશે. અને કોંગ્રેસે જે લક્ષ્ય નિર્ધારિત કર્યું હતું કે ગુજરાતમાં ૧૨૫થી વધુ બેઠકો મેળવી ગુજરાતમાં કોંગ્રેસ સરકાર બનાવશે. ભાજપ ગભરાહટમાં જે કાંઇ પણ બોલી રહી છે. પરંતુ આ વખતે કોંગ્રેસે ચૂંટણી પ્રબંધન મજબૂતાઇથી તૈયાર કરી રણમેદાનમાં ઉતરી છે. જેઓ ધારણાની રાજનીતિ રમી રહ્યા છે. જમીની હકીકતને તેઓ નજરઅંદાજ કરી રહ્યા છે. તેઓને આઠ તારીખે જ્યારે પરિણામ આવશે ત્યારે તેમને હકીકતની જાણ થશે. કોંગ્રેસના કાર્યકર્તાઓ સંગઠીત છે, કોંગ્રેસનું બૂથ મેનેજમેન્ટ મજબૂત છે. ભાજપની કોઇ ચાલ, સરકારી મશીનરીઓના દૂરુપયોગ કરવાની ચેષ્ટા કરવાનો ઈરાદો પણ રાખ્યો હશે, તો તેને કોંગ્રેસ સફળ નહીં થવા દે. તમામ મુદ્દા પર કોંગ્રેસની નજર બની રહેશે. જેવી રીતે ઈલેક્શન કમિશનના ડાયરેક્ટિવ્સ આવ્યા, કેટલીક મીડિયા ચેનલોનો ઓપિનયન પોલના નામે ઉપયોગ કરવાના પ્રયત્નો કરાઇ રહ્યા, આ ગભરાહટથી તેમની સ્થિતિનો અંદાજ લગાવી શકાય. ચેનલોના ઓપિનિયન પોલના માધ્યમથી ધારણાના પરિણામો પ્રસારિત કરાવાઇ રહ્યા છે, જેમાં જમીની હકીકત સાથે કોઇ લેવાદેવા નથી. કેટલીક ચેનલો જેને અને ગોદી-મીડિયા કહીએ છીએ, આવી ચેનલોના ઉપયોગથી પણ ભાજપને કોઇ ફાયદો નથી થવાનો. પૂર્વ અનુમાનોના જાહેર કરાતા પરિણામો અને ઘણા જોયા છે. ગુજરાતના લોકો પરિણામ નક્કી કરવાના છે, કોઇ ચેનલ ગુજરાતનું ભવિષ્ય જાહેર નથી કરી શકતું. અને અમને પૂરો વિશ્વાસ છે કે ગુજરાતના લોકો કોંગ્રેસને સફળ બનાવશે.

પત્રકાર પરિષદમાં બૂથ કેપ્ચરિગં પર પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં ડો. રઘુ શર્માજીએ જણાવ્યું હતું કે બૂથ કેપ્ચરિંગ રોકવું તેની સુરક્ષાની જવાબદારી ઈલેક્શન કમિશનની છે. જો ગુજરાતમાં બૂથ કેપ્ચરિંગ થતા હોય તો તેની જવાબદારી રાજ્ય સરકાર અને ઈલેક્શન કમિશનની છે. મુક્ત અને ન્યાયીક મતદાન થાય, મતદારોને પોતાના મતનો અધિકાર મુક્તપણ કરી શકે, કોઇપણ પ્રકારનો ભય અને ડર વિના મતદાન કરી શકે તેવું વાતાવરણ બનનાવવાની જવાબદારી ઈલેક્શન કમિશન અને રાજ્ય સરકારની છે.

કોંગ્રેસ ૧૨૫ સીટથી વધુ જીતી શકે છે તો તમારા ચૂંટાયેલા ઉમેદવારો સાથે પક્ષપટલાવી તેને ખરીદી લેવાના કારસા બને તેવા પ્રશ્નના તેના જવાબમાં શ્રી રઘુ શર્માએ જવાબ આપ્યો હતો કે આજે દેશની લોકશાહીને ચૂંટાયેલા પ્રતિવિધિઓને ખરીદી લેવાના બજાર ભાજપએ રૂપાંતરિત કર્યા છે. કર્ણાટક, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં જનાદેશ કોંગ્રેસની મળ્યો હતો. છતાં પણ આજે આ રાજ્યોની સરકારો ભાજપના આવા કારસાનો ભોગ બની. આ ગુજરાત છે, ગુજરાત કેવીરીતે બચાવવું, જેના માટે અમે અમારા ઉમેદવારોને સુરક્ષિત રાખવા કટિબદ્ધ રહ્યા છે. આ અંગેની પૂરી રણનીતિ કોંગ્રેસ તૈયાર કરી રહી છે. બીજેપના આવા ઉદ્દેશોને કોંગ્રેસ સફળ નહીં થવા દે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષના સતત દાવો રહ્યો છે કે ગુજરાતમાં તેઓની સરકાર બની રહી છે. તેના જવાબમાં રઘુ શર્માએ જવાબ આપ્યો હતો કે જે.પી. નડ્ડાજીની જનસભામાં પાચસથી વધુ માણસો આવ્યા હોત તો મને બતાવો. તેમની જનસભા રદ થાય છે, અમિત શાહજીની સભા રદ થાય ત્યારે તે જનસભાના વિકલ્પમાં વડોદરામાં જે.પી.નડ્ડાજીની જનસભા થાય ત્યારે પણ કોઇ લોકો આવતા નથી. જેઓની જનસાભા જ રદ થતી હોય, ગુજરાતની જનતા તેમને સાંભળવા માંગતી ન હોય, તે અંગે કોંગ્રેસ શું ટિપ્પણી કરે!!

ગોદી મીડિયા અને ભારત યાત્રા અંગે પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા શ્રી રઘુ શર્માજી જવાબ આપતા જણાવ્યું હતું કે આજકાલ જે પ્રિ-પોલ સરવેનું પ્રસારણ થઇ રહ્યું છે. ગુજરાતની જનતા જેનો ફેંસલો કરવાની છે. પ્રિ-પોલના માધ્યમથી લોકોના માઇન્ડ-સેટ બદલવાની કોશીશ કરી રહ્યા છે. આ એક પ્રકારનો ગુનો જ છે. અને આ કોઇ સત્ય નથી હોતું. રાજકીય રીતે આ ખોટું જ છે અને જે ખોટું કામ કરી રહ્યા હોવ તે ગોદી-મીડિયા જ કહેવાય ને!

મતદાન અને ઈવીએમ પર પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા શ્રી રઘુ શર્માજી જણાવ્યું હતું કે જો તમે હોમગાર્ડના હાથમાં જ આ સોંપી દેશો તો પરિસ્થિતિ શું બને!? નિર્વાચન આયોગ શેના માટે છે? તેની સંવૈધાનિક જવાબદારી છે. આ જવાબદારી કોંગ્રેસના બૂથ-કાર્યકર્તાઓની નથી. સંવૈધાનિક જવાબદારીમાં આવે છે કે ઈલેક્શન કમિશન મુક્ત અને ન્યાયી મતદાર પ્રક્રિયા સંપન્ન કરાવે. કોંગ્રેસના ઈલેક્શન કેમ્પેઇન અંગે પૂછાયેલા એક પ્રશ્નના ઉત્તારમાં શ્રી રઘુ શર્માજીએ જણાવ્યું હતું કે અમે બૂથ મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કર્યું, ડોર-ટુ-ડોર પ્રત્યક્ષ પ્રચારમાં કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓ જોડાયા. ગુજરાતના દોઢ કરોડ પરિવારો સાથે સીધો અને પ્રત્યક્ષ સંપર્ક કર્યો. જેઓ ધારણાની રાજનીતિ અને ભ્રમણાની રાજનીતિમાં વિશ્વાસ રાખે છે તેને જવાબ આપવા કોંગ્રેસે મજબૂત રણનીતિ બનાવી છે. દરેક પરિવાર અને ઘરોમાં ખબર પડી છે કે કોંગ્રેસ શું પરિવર્તન લાવવા માંગી રહી છે. મોંઘવારી ઓછી કરવાનો રોડમેપ કોંગ્રેસે તૈયાર કર્યો છે. બેરોજગારી ઓછી કરવા કોંગ્રેસ કઇ દિશામાં શું કરવા જઇ રહી છે, સોશિયલ સિક્યોરિટી માટે કોંગ્રેસ શું કરવા જઇ રહી છે, સામાન્ય લોકો માટે આ જ સંદેશો છે અને તેઓ સુધી કોંગ્રેસે પહોંચાડ્યો છે. જેઓ ધારણાની રાજનીતિ કરી રહ્યા છે, જેની જમીની હકીકત સાથે કોઇ લેવાદેવા નથી.

એક પાર્ટી કોરા કાગળ પર લખીને આપી રહી છે કે ગુજરાતમાં તેમની સરકાર બની રહી છે. તે પ્રશ્નનો ઉત્તર આપતા શ્રી રઘુ શર્માજીએ જણાવ્યું હતું કે મેં પણ કોરા કાગળ પર લખીને આપી દીધું છે કે જેઓ આવી વાતો કરે છે તેઓ ગુજરાતમાં ઝીરો બેઠક મેળવશે. અને તેમના જાહેર થયેલા સીએમ ઉમેદવાર તો ડિપોઝીટ પણ ગુમાવશે. આમ આદમી પાર્ટીને ગુજરાતમાં એક પણ બેઠક નહીં મળે તે મેં પણ લખીને આપી દીધું છે.

આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસને જનઆંદોલન માટે કશું કર્યું જ નથી તેવા પ્રશ્નનો ઉત્તર આપતા શ્રી રઘુ શર્માએ ઉત્તર આપ્યો કે પાંચ વર્ષના સમયગાળામાં ભાજપના ખોટી નીતિઓનો વિરોધ કરવાનું કામ એક વિપક્ષ તરીકે કોંગ્રેસે ગુજરાતમાં બેખૂબીથી નિભાવ્યું છે. જે મોસમી પાર્ટી છે તેઓ અમને સવાલ પૂછી રહ્યા છે જે ચૂંટણી વખતે જ ગુજરાતમાં દેખાય છે!! આમ આદમી પાર્ટીના કોઇ બૂથ પર કોઇ કાર્યકર્તા નથી. તેમની પાસે સંગઠનનું કોઇ માળખું નથી. તાલુકા અધ્યક્ષ નથી, જિલ્લા અધ્યક્ષ નથી, પેઇડ વર્કરના આધારે કામ કરી રહ્યા છે અને અમને પ્રશ્ન પૂછી રહી છે!! આ પ્રશ્નના પૂરક જવાબ આપતા શ્રી પવન ખેરાજીએ પણ ઉત્તર આપ્યો કે તમે મીડિયાવાળા તમામ પરિસ્થિતિથી વાકેફ છો જ. કોવિડ ન્યાય યાત્રા કઇ પાર્ટીએ નીકાળી. આ બન્ને પાર્ટીઓનું આ સંદર્ભે શું ફાળો હતો? પાર-તાપી યોજનનો વિરોધ કઇ પાર્ટીએ કર્યો તે જણાવો? અનંત પટેલ કઇ પાર્ટીના સમર્થક છે.

કોણે લાઠીમાર ઝીલ્યો? કોંગ્રેસે તમામ જનઆંદોલનની ભાગીદાર રહી છે. અહીં ગુજરાતમાં મોંઘવારી વિરૂદ્ધ જન આંદોલન કોંગ્રેસને ચલાવ્યું. કોવિડ યાત્રાનું પરિણામ તમારી સામે છે કે ગુજરાત સરકારે માનવું પડ્યું કે કોરોનામાં મૃતકોની સંખ્યા ઘણી વધારે છે.

સુરતમાં સ્માશાનની અગ્નિદાહની ભઠ્ઠીની ચિમની ગરમીથી પીગળી ગઇ. અને તમે કહો છો કે કોંગ્રેસ પાર્ટીનું કોઇ યોગદાન નથી રહ્યું!! અમારા સિટિંગ કોર્પોરેટનનું કોરોનામાં મૃત્યુ થયું. રાહત કાર્યોમાં કાર્યરત રહ્યા અને મોતને ભેટ્યા.

# પ્રિયંકા ગાંધીના પુત્રએ પોતે જ ભારત જોડો યાત્રામાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી

## ભાણો ૩ દિવસમાં મામા રાહુલ સાથે ૭૦ હજાર ડગલા ચાલ્યો

ઈન્દોર,તા.૩૦

મધ્યપ્રદેશમાં રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં અત્યાર સુધી એક ચહેરો સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે. તે કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીના પુત્ર રેહાન છે. પ્રિયંકા પહેલીવાર આ યાત્રામાં જોડાયા, પતિ રોબર્ટ વાડ્રા અને પુત્ર રેહાન પણ રાહુલ સાથે કદમથી કદમ મિલાવીને ચાલ્યો. ક્યારેક રેહાને રાહુલની જેમ લોકોને અભિવાદન કર્યું તો ક્યારેક મોબાઈલમાંથી ફોટા પડાવ્યા હતા.

૨૪ નવેમ્બરના રોજ સવારે ૬ વાગ્યે રેહાન પણ મામા રાહુલ સાથે ભારત જોડો યાત્રામાં જોડાયો હતો. આગામી ૩ દિવસ માટે તે તેના મામા સાથે ભારત જોડો યાત્રામાં રહ્યો. રેહાને ૩ દિવસમાં ૭૦ હજાર પગલા ચાલ્યો. રાજકીય શેરીઓમાં એવી અટકળો ચાલી રહી છે કે શું આ રેહાનની રાજકીય એન્ટ્રી છે? આ પ્રશ્નનો સીધો જવાબ મેળવવો મુશ્કેલ હતો, પરંતુ અમે રેહાનને રાહુલ સાથે ૩ દિવસ સુધી ચાલતા જોતા ઓબઝર્વ કર્યું. કોંગ્રેસના વરિષ્ઠ નેતા સાથે વાત કરી હતી.તેને પોલિટિકલ લોન્ચ ન કહેવું જોઈએ, અમે રેહાન વિશે કોંગ્રેસના કોમ્યુનિકેશન હેડ જયરામ રમેશ સાથે વાત કરી. તેમણે કહ્યું કે તેનું યાત્રામાં જોડાવું એ કોઈ રાજકીય શરૂઆત નથી. રેહાનની હાજરીને આ રીતે જોવાની જરૂર નથી. રાહુલ ગાંધી છેલ્લા ૮૦ દિવસથી કન્ટેનરમાં રહે છે. તે તેની બહેનને મળવા માંગે છે, તેના ભાણાને જોવા માંગે છે. કદાચ રાહુલ રેહાનને મિસ કર્યો હશે. તેઓ લાંબા સમયથી પરિવારથી દૂર છે.જયરામ કહે છે કે જો મારો પણ કોઈ ભાઈ કે બહેન હોત તો હું તેમને અહીં આવીને મળવા બોલાવત. વ્યક્તિને કુટુંબની કંપનીની જરૂર હોય છે. જ્યારે અમે દિગ્વિજય સિંહને આ જ પ્રશ્ન પૂછ્યો ત્યારે તેમણે જવાબ આપ્યો કે રેહાને પોતે અહીં આવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેણે ગ્રેજ્યુએટ કર્યું છે. દીકરી મિરાયા હાલના દિવસોમાં અમેરિકામાં છે. તે પણ ભારત પરત ફરી રહી છે, તેથી પ્રિયંકા ૩ દિવસમાં દિલ્હી પરત આવી ગયા. આગામી દિવસોમાં તે ફરીથી પરિવાર સાથે ભારત જોડો યાત્રામાં જોડાશે.રેહાન મધ્યપ્રદેશમાં ૩ દિવસ સુધી રાહુલની રણનીતિનો ફોલોઅર રહ્યો હતો. તેણે મીડિયાથી અંતર રાખ્યું હતું. તે આખો સમય રાહુલ અને પ્રિયંકા સાથે સિક્યોરિટી કોર્ડનમાં ચાલ્યો હતો. તેણે રહેવા માટે કેમ્પ સાઈટ પરના કન્ટેનરનો પણ ઉપયોગ કર્યો, જેથી તે મામા રાહુલના સંઘર્ષને અનુભવી શકે. અમે રેહાન સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેણે કહ્યું કે વાત કરવાનો આ યોગ્ય સમય નથી. માત્ર રેહાન જ નહીં રોબર્ટ વાડ્રાએ પણ મીડિયાથી અંતર રાખ્યું હતું.

રેહાને જુલાઈ ૨૦૨૧માં દિલ્હીના બિકાનેર હાઉસમાં પોતાના ફોટો પ્રદર્શનનું આયોજન કર્યું હતું. તેમાં રાહુલ ગાંધીએ તેને સૌથી વધુ મદદ કરી હતી. રેહાનને બાળપણથી જ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફીનો શોખ છે. તે અવારનવાર કેમેરો લઈને જંગલ તરફ નીકળી જાય છે. રેહાન પ્રદર્શનમાં જે ફોટા પાડ્યા હતા તેમાં તેણે વાઘના પડછાયાને ખૂબ જ કલાત્મક અંદાજમાં શૂટ કર્યો છે. આ એક્ઝિબિશનના મોટાભાગના ફોટોગ્રાફસ ડાર્કનેસની ફિલસૂફી જ કહે છે. આ પ્રદર્શનનું નામ પણ ડાર્કનેસ પર્સેપ્શન હતું.એવું કહેવાય છે કે રાહુલે પોતે આ માટે તમામ વ્યવસ્થા કરવામાં મદદ કરી હતી. રેહાન ભલે હજુ રાજકારણમાં ન હોય, પણ આ ઉંમરે તે ડાર્કનેસની પરસેપ્શનને વધુ સારી રીતે સમજે છે.રાજકીય વિશ્લેષકો માને છે કે રાહુલ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા તે યુગ અને તે પછી મોદીના પરાકાષ્ઠાકાળ દરમિયાન કોંગ્રેસની નબળી સ્થિતિ, તે વાતને રેહાન પણ જાણે છે. રેહાન કોંગ્રેસના અંધકારમય તબક્કાને જેટલો જાણે છે, તેના કરતા પણ વધું તે વાતને સમજી રહ્યો છે કે વિપરીત સંજોગોમાં પણ મામા રાહુલ કેટલા મક્કમ છે. તેઓ કેવી રીતે રાજકારણની દિશાને બદલવાના પ્રયાસ કરી રહ્યા છે? તેમણે પોતાનામાં પણ ઘણા બદલાવ કર્યા છે? તેઓ કેવી રીતે લડી રહ્યા છે? રેહાન પણ રાહુલની આ બિનરાજકીય યાત્રાનો અર્થ અને તેની ઊંડાણને સારી રીતે સમજે છે. ૨૪ જૂન ૨૦૨૧ના રોજ, પ્રિયંકાએ તેની પુત્રી મિરાયાના ૧૯માં જન્મદિવસ પર સોશિયલ મીડિયા પર એક વીડિયો અપલોડ કર્યો હતો.

# શિવપાલ સિંહ યાદવની સુરક્ષામાં ઘટાડો, ગોમતી રિવર ફ્રન્ટ કેસમાં ટૂંક સમયમાં પૂછપરછ થઈ શકે છે

પ્રગતિશીલ સમાજવાદી પાર્ટી (લોહિયા)ના અધ્યક્ષ શિવપાલ સિંહ યાદવની સુરક્ષામાં ઘટાડો (ઝેડ કેટેગરીથી વાય કેટેગરી) પછી વધુ એક આંચકો આપવાની તૈયારી છે. મીડિયા રિપોર્ટ અનુસાર શિવપાલ અને બે અન્ય અધિકારીઓની ગોમતી રિવર ફ્રન્ટ કેસમાં ટૂંક સમયમાં જ પૂછપરછ થઇ શકે છે. આ માટે સીબીઆઈએ મંજૂરી માગી છે.

ઉલ્લેખનીય છે કે ગોમતી રિવર ફ્રન્ટ કૌભાંડ જે સમયનું બતાવવામાં આવે છે તે સમયે શિવપાલ ઉત્તર પ્રદેશના સિંચાઇ પ્રધાન હતાં. આ દરમિયાન સપા અને ભાજપની વચ્ચે આ મુદ્દે વાકયુદ્ધ ફાટી નીકળી છે.એક ખાનગી ચેનલ સાથેની વાતચીતમાં પ્રગતિશીલ સમાજવાદી પાર્ટી (લોહિયા)ના પ્રવક્તા અરવિંદ યાદવે સરકાર પર આ પ્રકારની કાર્યવાહી દ્વારા ચૂંટણીના સમયે વિપક્ષને દબાણમાં લેવાનો આરોપ મૂક્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે તપાસ એજન્સીઓ દ્વારા લોકશાહી મૂલ્યોનું હનન કરવામાં આવી રહ્યું છે. બીજી તરફ ભાજપના પ્રવક્તા રાકેશ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે જે ખોટા કાર્યો કર્યા છે તેના પરિણામ તો ભોગવવા જ પડશે.

બીજી તરફ સુરક્ષા ઘટાડવામાં આવ્યા પછી ઉત્તર પ્રદેશની રાજકીય ગલીઓમાં શિવપાલ અંગે ચર્ચા મુખ્ય મુદ્દો બની ગઇ છે. મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે કરહલની ચૂંટણી સભામાં પણ કાકા શિવપાલ અને ભત્રીજા અખિલેશની જોડી પર જોરદાર પ્રહારો કર્યા હતાં. યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે જ્યારે નોકરીઓની જાહેરાત આવતી હતી ત્યારે વસુલી માટે કાકા અને ભત્રીજા નીકળી પડતા હતાં. હવે મેનપુરીના લોકો એક પરિવારની છાયામાથી નીકળીને સૌનો સાથ, સૌનો વિકાસ, સૌના વિશ્વાસના પરંપરાનું પાલન કરશે. આજે કાકા શિવપાલની સ્થિતિ પેંડુલમ અને ફુટબોલ જેવી થઇ ગઇ છે. બીજી બાજુ અખિલેશે શિવપાલ યાદવની સુરક્ષામાં ઘટાડવાના નિર્ણયને વાંધાજનક ગણાવ્યો છે.

## પાટણ જિલ્લા મહિલા મોરચા મંત્રી ડૉ. કુંજલ ત્રિવેદી દ્વારા રલ રાષ્ટ્રિય યુવા મોરચા અદયક્ષ શ્રી તેજસ્વી સૂર્યા જીનુંશંખેશ્વર ની ધન્ય ધારા પર ભવ્યાતિ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પ્રાપ્ત સમાચાર મુજબ ગત રોજ ૭ ચાણસ્મા વિધાનસભાના ઉમેદવાર શ્રી દિલીપ ઠાકોર ના જન સમર્થમાં શંખેશ્વર પધારેલ રાષ્ટ્રીય યુવા મોરચાના અધ્યક્ષ શ્રી તેજસ્વી સૂર્યા જી પધારેલ ત્યારે ભવ્ય રોડ શો નું આયોજન કરેલ હતું અને મોટી સ સંખ્યામાં ગ્રામજનો એ પદયાત્રા માં જોડાયા હતા. ત્યારે પાટણ જિલ્લા મહિલા મોરચાના મંત્રી અને શંખેશ્વર કોલેજના સંસ્કૃત અધ્યાપિકા બહેન શ્રીડૉ. કુંજલ ત્રિવેદી જીને આ રોડશો માં ભવ્ય સ્વાગત કરવાનો અસ્વર પ્રાપ્ત થયો હતો ..આ રોડ શો માં મહેસાણા ના સાંસદ શ્રી જુગલ ઠાકોર જી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સર્વે પ્રદેશ અને જિલ્લા અને તાલુકાના પદાધિકારીઓ જોડાયા હતા.અને સાથે સાથે જંગી સભાનું પણ આયોજન કરવામાં અવાયું હતું. આસ સભા સંબોધન સ્થાન ના રાષ્ટ્રીય મંચ પર થી પણ રાષ્ટ્રી યુવા અધ્યક્ષ શ્રી તેજસ્વી સૂર્યા જી નું મોમેન્ટ આપી ફરી બીજી વાર પણ સ્વાગત કરવાનો શુભ અવસર પ્રાપ્ત થયો હતો. બહેન શ્રી ૧૭ ચાણસ્મા વિધાન સભાની ટીકીટ જાહેર થયા ના બીજા દિવસ થી આજ સુધી દિલીપ ઠાકોર જંગી બહુમતી થી જીતે તેવા માહિલામતદાન ના ખૂબ કાર્યક્રમો કરી રહ્યા છે ..જે ખૂબ વંદનીય અને ખૂબ ખૂબ અભિનંદન ને પાત્ર છે . બહેન શ્રી ડૉ. હોય તેનો શિક્ષણ ક્ષેત્રનો અનુભવ અબે જ્ઞાન નો લાભ આ વિસ્તારના લોકો ને મતદાન અંગે જાગૃતિ લવામાં મળી રહ્યો છે તે આ ૧૭ ચાણસ્મા વિધાન સભાની ખૂબ સૌભાગ્યની વાત છે.

આ કાર્યક્રમમાં દિલીપ ઠાકોર ના પુત્રી શ્રીમતી સોનલ બેન ખાસ ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે ડૉ. કુંજલ ત્રિવેદી જી એ પાટણ જિલ્લા મહિલા મોરચા મંત્રી તરીકે વિશેષ સ્વાગત કરીયું હતું.

## ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને મત આપી આપણા આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈના દિવ્ય અને ભવ્ય સાંસ્કૃતિક ભારતના નિર્માણમાં યોગદાન આપવા ડો. વલ્લભભાઈ કથીરિયાની અપીલ




રાજકોટ,

રાજકોટના પૂર્વ સાંસદ, ભારત સરકારના પૂર્વ મંત્રી અને રાષ્ટ્રીય કામધેન આયોગના પૂર્વ અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયા એ જણાવ્યું છે કે ગુજરાત લોકશાહીનું ચૂંટણી પર્વ મનાવી રહ્યું છે.

તારીખ ૦૧ ડિસેમ્બરના રોજ પ્રથમ ચરણનું મતદાન થવા જઈ રહ્યું છે. ગુજરાતમાં ભારત સરકાર દ્વારા આર્થિક, સામાજિક, આરોગ્ય, કૃષિ, ઔદ્યોગીક, પર્યટન અને સાંસ્કૃતિક. આયામો દ્વારા વિકાસનો નવો રાહ ચીંધ્યો છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ અને ગૃહ મંત્રીશ્રી અમીતભાઈ શાહના માર્ગદર્શન અને મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈની રાહબરી હેઠળ ગુજરાતે સર્વાંગીણ અને સાર્વત્રિક વિકાસની હરણફાળ ભરી છે. રાષ્ટ્ર અને વિકાસ વિરોધી તત્વો ગુજરાતની શાંતિ અને સુરક્ષાને વિચલિત કરવા પ્રયત્નશીલ છે, ત્યારે ગુજરાતની જનતા ભારતીય જનતા પાર્ટીના વિધાનસભાના ઉમેદવારોને જંગી બહુમતીથી જીતાડવા માટે કમળના નિશાનની સામે બટન દબાવી ઉમેદવારોને વિજયી બનાવે અને નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત કરે. જેથી તેમને દિવ્ય અને ભવ્ય સાંસ્કૃતિક ભારતના નિર્માણમાં તીવ્ર ગતિથી આગળ વધવાની શક્તિ મળે. ગુજરાતની જનતા જનાર્દનને ભાજપ પર ભરોસો રાખી કમળને વિજયી બનાવવા નમ્ર અપીલ છે.

## વડોદરામાંથી આશરે ૫૦૦ કરોડનું ઝડપાયું ડ્રગ્સઃ અમદાવાદ, કચ્છ અને મુંબઈ સુધી કારોબાર ફેલાયો હતો

વડોદરા,તા.૩૦

ગુજરાત એટીએસને ફરીથી મોટી સફળતા મળી છે. વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં એટીએસ દ્વારા સિંઘરોટ વિસ્તારમાં ચાલતા જાણીતા ફાર્મની પાછળનાં ખેતરમાં આવેલા ગોડાઉનમાંથી અંદાજે ૫૦૦ કરોડનું ડ્રગ્સ કબ્જે કરવામાં આવ્યું છે. આમાં સોલિડ અને લિકવિડ બંને કબજે કરવામાં આવ્યું છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, વડોદરા શહેર અને ગ્રામ્ય એમ બે ફેક્ટરીમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં સામે આવ્યું હતુ કે, ગોડાઉનમાં ડ્રગ્સનું રો મટીરિયલ બનાવવામા આવતુ હતુ. આ રો મટીરિયલને અમદાવાદ, મુંબઈ, કચ્છ મોકલવામાં આવતું હતુ. રો મટીરિયલને ટેબ્લેટ ફોર્મમાં વેચાણ કરાતુ હતુ. આ ગોરખ ધંધો આસરે એક મહિનાથી ચલાવવામાં આવતો હતો.

આ કેસમાં અત્યાર સુધી ગુજરાત એટીએસ દ્વારા ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે એક આરોપીની અટકાયત કરી લેવામાં આવી છે. હાલ આરોપીઓ સાથે પૂછપરછ કરવામાં આવી રહી છે. જેમાં મોટા ખુલાસા થવાની શક્યતા વધુ ગઇ છે.

ગુજરાત એટીએસની ટીમે વડોદરા જિલ્લા પોલીસ ટીમની મદદ સાથે રાતના ૮.૩૦ની આસપાસ રેઈડ કરી હતી. આ દરોડોમાં ચારથી પાંચ લોકોની અટકાયત કર્યાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ટીમે રાત્રિના અંધારામાં ત્યાં દરોડા પાડ્યા હતા. આ સમગ્ર વિસ્તારને ચારે બાજુથી ઘેરીને એટીએસની ટીમે આ ગોડાઉનમાં ઘૂસી જઇને અંદર તપાસ શરૂ કરી હતી. અહીં દરોડા પાડ્યા તે પહેલા મંગળવારે એસજીએસટી વિભાગની ઈન્વેસ્ટિગેટિવ વિંગ અને એટીએસ દ્વારા અમદાવાદ, ભાવનગર, વડોદરા, ભરૂચ, સુરત, અને ગાંધીધામમાં ૪૪ જેટલી પેઢીઓના ૬૪ સ્થળે સર્ચ હાથ ધરાયું હતુ.

આપને જણાવીએ કે, ઓગસ્ટ મહિનામાં પણ વડોદરામાંથી ગુજરાત એટીએસે ડ્રગ્સ બનાવતી ફેક્ટરી ઝડપી પાડી હતી. વડોદરાના સાવલની મોક્સી ગામમાં છ્જી દરોડા પાડ્યા હતા. જે બાદ એજન્સીએ અહીંથી કરોડો રુપિયાની કિંમતનું ડ્રગ્સ ઝડપી પાડ્યુ હતુ. આ સિવાય આ કેસમાં એજન્સીએ કેટલાંક આરોપીઓની પણ ધરપકડ કરી હતી. એજન્સીએ સુરતના મુખ્ય આરોપી મહેશ વૈષ્ણવની પણ ધરપકડ કરી હતી. તપાસમાં એવું સામે આવ્યું હતું કે, આરોપી મહેશ વૈષ્ણવ લક્ઝુરિયસ લાઈફ સ્ટાઈલ જીવતો હતો. ત્યારે છ્જીએ આરોપી મહેશ વૈષ્ણવના ઘરે સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ.

## દાંતાના ભાજપ ઉમેદવાર ફરી વિવાદમાં, આદિવાસી મહિલાઓને સાડીઓ આપતો વીડિયો વાયરલ



દાંતા,તા.૩૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પ્રચાર પડઘમ શાંત થઇ ગયા છે, જ્યારે બીજા તબક્કા માટે પ્રચાર ચાલી રહ્યો છે. આવામાં ફરી એક વખત દાંતા વિધાનસભા ભાજપના ઉમેદવાર વિવાદમાં આવ્યા છે. ભાજપના ઉમેદવારનો વધુ એક વીડિયો વાયરલ થયો છે. તેમનો આદિવાસી મહિલાઓને સાડીઓ આપતો વીડિયો વાયરલ થયો છે. આ પહેલા યુવાનોને રુપિયા આપતો વીડિયો વાયરલ થયો હતો. દાંતા વિધાનસભા બેઠક વિવાદિત બની છે અને ભાજપના ઉમેદવાર વિવાદનો ભોગ બની રહ્યા છે. આવામાં દાંતા વિધાનસભા વિસ્તારમાં ભાજપના ઉમેદવારનો વધુ એક વીડિયો વાયરલ થયો છે. દાંતા બાદ અમીરગઢ પંથકમાં યુવાનોને ભાજપના કાર્યકરો પૈસા અને આદિવાસી મહિલાઓને સાડીઓ આપતાં હોવાનો વીડિયો વાયરલ થયો છે. વીડિયોમાં ભાજપના ઉમેદવાર પોતે ઊભા રહેલા જોવા મળી રહ્યા છે.

# આપતિને અવસર બનાવનાર દિવ્યાંગ યુવાન જીમીષ ભાસ્કરભાઈ પારેખનો તા.૧ ડિસેમ્બરનાં રોજ ૪૧ મો જન્મદિન

**અનેક રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય એવોર્ડ અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા જીમીષની ચૂંટણી પંચ દ્વારા સને ૨૦૧૭ માં આઈકોન તરીકે પણ નિમણુંક થયેલ.**



અત્યંત સાધારણ કુટુંબમાં જન્મેલ જીમીષને જન્મના થોડા સમય બાદ પરિવારને જાણવા મળેલ કે તે 'મંદ બુધ્ધિ- દિવ્યાંગ' હતો. પરંતુ પરીવારની તેમજ જીમીષના પોતાના સપ્ન પરિશ્રમ મહેનતથી જીમીષ છેલ્લા ૨૦ વર્ષથી જુદી જુદી જગ્યાએ પ્રાઈવેટ સંસ્થામાં નોકરી કરે છે. જીમીષ ભાસ્કરભાઈ પારેખ છેલ્લા ૧૦ વર્ષથી એકજ કન્સ્ટ્રક્શન કંપની પટેલ એજન્સીમાં ઓફિસ આસીસ્ટન્ટ તરીકે કામ કરે છે. અને રૂા. ૧૦,૦૦૦- માસિક પગાર મેળવે છે. સાથે સાથે જીમીષ પોતાનું રોજીંદું જીવનનું તમામ કાર્ય જ કરે છે. સાયકલ ચલાવે છે, છેલ્લા ૨૦ વર્ષથી સ્કુટર ચલાવે છે અને તમામ ઓફિસ ઘરના સ્વતંત્ર કાર્ય પોતે જાતે જ કરે છે, બેકીંગ, પોસ્ટ ઓફિસ, ઈલેકટ્રીસીટી બીલ, વેરા બીલ, મોબાઈલ બીલ, સ્વૈચ્છાએ જે તે સ્થળે વાહન ચલાવી ભરવા માટે જાય છે અને સમય કાઢી સર્વિસમાંથી દિવ્યાંગ બાળકો માટે કામ કરતી રાજકોટની ખ્યાતનામ 'પ્રયાસ' સંસ્થામાં તાલીમ આપવા જાય છે.


સામાન્ય કુટુંબમાં જન્મેલ મા-બાપના (મેન્ટલી રીટાર્યડ) દિકરાને બે વખત ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીએ એવોર્ડઝ આપી સન્માનીત કરેલ છે. આ ઉપરાંત સૌથી મોટો એવોર્ડ રાષ્ટ્રપતિ એવોર્ડ પણ જીમીષે બેસ્ટ એમ્પલોયઝ તરીકેનો પણ મેળવેલ છે. જીમીષ હવે પોતાની જીંદગી સ્વતંત્ર નોર્મલ બીજા બાળકોની જેમ જીવે છે અને આનંદ કરે છે, સમાજ માટે જીમીષે અને તેના માતા-પિતાએ એક ઉતમ ઉદાહરણ પુરૂ પાડેલ છે. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગુ.રા. ગાંધીનગરની કચેરીના સંદર્ભ તળેના પત્રથી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ને અનુલક્ષીને મતદાર તરીકેની લાયકાત ધરાવતા તમામ લોકોની મતદાર તરીકે નોંધણી થાય તેમજ તેઓ નૈતિકતાપૂર્ણ અચૂક મતદાન કરે તે માટે જાગૃતિ લાવવા અને તેમને ચૂંટણી પ્રક્રિયાથી શિક્ષીત કરવા માટે આઈકોનની નિયુકિત કરવાની ચૂંટણી પંચની સુચના અનુસાર જીમીષ પારેખની શારીરિક અક્ષમ વ્યક્તિઓ મતદારો માટેની આઈકોન તરીકે દરખાસ્ત કરવામાં આવેલ. જે અનુસાર વિધાનસભા સામાન્ય ચૂંટણી–૨૦૧૭ માટે 'જિલ્લા આઈકોન' તરીકે જીમીષ ભાસ્કરભાઈ પારેખની નિમણૂંક અપાઈ છે.

જિલ્લા આઈકોન તરીકે નિમણૂંક પામેલ જીમીષ ભાસ્કરભાઈ પારેખ કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તથા નોડલ ઓફિસરશ્રી (સ્વીપ)ની સુચના મુજબ મતદાર તરીકેની લાયકાત ધરાવતા તમામ શારીરિક અક્ષમ વ્યક્તિઓ/મતદારોની મતદાર તરીકે નોંધણી થાય તેમજ તેઓ નૈતિકતાપૂર્ણ અચૂક મતદાન કરે તે માટે જાગૃતિ લાવવા અને તેમને ચૂંટણી પ્રક્રિયાથી શિક્ષીત કરવા સ્વીપ અંતર્ગત કામગીરી કરી હતી.

ઉલ્લેખનીય છે કે, જીમીષના પિતા ભાસ્કરભાઈ પારેખ જે પોતે સીનીયર સીટીઝન છે, મીકેનીકલ એન્જીનીયર છે અને ગર્વમેન્ટના રીટાયર્ડ ઓફીસર છે તેઓ પોતે પણ યુવાન શરમાવે તેવી સ્ફૂર્તિથી કામ કરી 'પ્રયાસ' નામની સંસ્થાની સ્થાપના કરી દિવ્યાંગ બાળકો તેમજ તેમના પરીવારો માટે નેત્રદિપક કામગીરી કરી રહયાં છે. ખાસ કરીને રાજકોટ, ગુજરાત અને પશ્ચિમ ભારતના દિવ્યાંગ બાળકો, કુટુંબોને સરકારી યોજનાઓનો લાભ મળે તે માટે તેમણે એક 'દિવ્યાંગ હેલ્પલાઈન'ની પણ સ્થાપના કરી છે.

અત્યાર સુધીમાં હજારો દિવ્યાંગોને તેઓ તન, મન, ધનથી મદદરૂપ થયા છે તે જ રીતે જીમીષના માતુશ્રી શ્રીમતી હંસાબેન પારેખ પણ પતિ ભાસ્કરભાઈના ખંભે ખંભો મીલાવીને તમામ દિવ્યાંગ બાળકોને પોતાના જ બાળકો ગણી મદદરૂપ થવા, તેમનું મોરલ ટકાવી રાખવા સતત કાર્યરત રહે છે. જીમીષની સેલ્ફ એડવોકેટસ ફોરમ ઓફ ઈન્ડિયા (ભારત સરકાર માન્ય સંસ્થા) માં પણ ટ્રસ્ટી તરીકે ગૌરવવંતિ નિમણુંક થઈ છે, તે ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત છે. જીમીષ રાજકોટની 'પ્રયાસ સંસ્થા' ઉપરાંત એનીમલ હેલ્પલાઈન, સદભાવના વૃધ્ધાશ્રમ, શ્રીજી ગૌશાળા, વિવેકાનંદ યુથ ક્લબ સહીતની સંસ્થાઓમાં પણ યથા શક્તિ સેવા આપતો રહે છે. જીમીષ ભાસ્કરભાઈ પારેખ સરનામું : ૧૦૧, સંસ્કૃતિ એપાર્ટમેન્ટ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, કે.કે.વી. હોલ પાસે, રાજકોટ. (મો.નં. ૯૪૨૬૩૧૭૭૬૩).

### શહેર ભાજપ પ્રમુખશ્રી ઋચિર ભટ્ટની અધ્યક્ષતામાં ભાજપ સંગઠને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી માટે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા કરાયેલ અપમાનજનક ટિપ્પણીનો કલેક્ટરશ્રીને આવેદનપત્ર આપી વિરોધ નોંધાવ્યો



ગાંધીનગર,

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગુજરાતની ધરતીના પનોતા પુત્ર અને દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી માટે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ અશોભનીય અને અપમાનજનક શબ્દોના કરેલા ઉપયોગનો વિરોધ દર્શાવવા મહાનગર ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટની અધ્યક્ષતામાં શહેર ભાજપા સંગઠનના હોદ્દેદારો, અગ્રણીશ્રીઓએ કલેકટરશ્રીને આવેદનપત્ર આપ્યું હતું અને કોંગ્રેસની નિન્મસ્તરની રાજનીતિને એક અવાજમાં વખોડી હતી.

## રાજુલાનાં રામપરા-ર ગામે પતિનાં હાથે પત્નીની હત્યા

અમરેલી,તા.૩૦

રાજુલાનાં રામપરા-ર, ગામે ગઈકાલે પતિ-પત્નિ વચ્ચે સર્જાયેલ ઘર કંકાસની માથાકુટમાં ગુસ્સે ભરાયેલ પતિએ પત્નિને માથાનાં ભાગે કુહાડીનો ઘા મારી સ્થળ ઉપર જ નિર્મમ હત્યા નિપજાવ્યાની ઘટનાથી ભારે ચકચાર જાગેલ હતી. વીસ વર્ષનાં દાંપત્ય જીવન બાદ પતિ ગામતી ન હોવાનાં કારણે મેણા ટોણા મારી દુઃખત્રાસની અવાર-નવારની ઘટનાઓનો ગઈકાલે કરૂણ અંજામ આવતા એક પુત્રિએ માતાની છત્રછાયા ગુમાવેલ હતી.

પ્રાપ્ત વિગત મુજબ રાજુલાનાં કોવાયા ગામનાં વિક્રમભાઈ સુમરાભાઈ લાખણોત્રાનાં બહેન માલુબેનના લગ્ન રામપરા-ર ગામનાં તેમના સગા ફુઈનાં દિકરા બુધાભાઈ ભીખાભાઈ વાઘ સાથે વીસ વર્ષ પહેલા થયેલ હતા. લગ્ન સંસારમાં હાલ તેમને એક સતર વર્ષની પુત્રિ પણ છે. છેલ્લા અઢી વર્ષથી બન્ને પતિ-પત્નિ વચ્ચે ભભતું મને ગમતી નથી અને મારે પોસાણ થતું નથીભભ તેમ કહી અવાર-વાર મેણા-ટોણા મારી અનહદ દુઃખ ત્રાસ આપવામાં આવતો હતો. દોઢેક વર્ષ પહેલા પતિ-પત્નિના ઝઘડામાં પત્નિનું ગળુ દબાવી દેતા ખાનગી દવાખાનામાં સારવાર લઈ બચાવ થયેલ હતો. ત્યારે બાદ પણ પતિનાં ત્રાસથી ઝેરી દવા પી લીધેલ હતી. ત્યારે પણ સમયસરની સારવારથી જીવ બચી ગયેલ હતો. અને કુંટુંબીજનોની દરમિયાનગીરીથી પોલીસ ફરિયાદ કરવામાં આવેલ ન હતી. અને પિડિતપત્નિ અને તેમની પુત્રિને માવતરે તેડી ગયેલ હતા. બાદમાં ઘરમેળે સમાધાન કરી સાસરે મોકલી દીધેલ હતા. આ સમાધાન કારી પગલાનો પણ કરૂણ અંજામ આવેલ હતો.ગઈકાલે બપોરનાં ત્રણેક વાગ્યાનાં સુમારે પતિ-પત્નિના ઝઘડામાં પતિએ પત્નિ માલુબેનને માથાનાં ભાગે કુહાડીનો ઘા મારી દેતાં લોહી-લુહાણ હાલતમાં કારમાં રાજુલા દવાખાને ખસેડવામાં આવેલ હતો. જયાં ફરજ પરના તબિબે મૃત જાહેર કરેલ હતા. પોતાની બહેનનાં નિષ્પ્રાણ દેહને જોઈને તેમનાં ભાઈએ બનેવીને ઘટના અંગે પુછપરછ કરતા બનેવીએ જણાવેલ હતું કે તેમણે જ માથાનાં પાછળનાં ભાગે કુહાડાનો ઘા મારી દેતાં ઘટનાં સ્થળે જ મોત નિપજેલ હતું.

## પ્રથમ તબક્કાના મતદાનને લઈને ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપ્યો

અમદાવાદ,તા.૩૦

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ૮૯ બેઠક માટે આવતીકાલે મતદાન યોજાશે હાલમાં મતદારોને રીઝવવા રાજકીય પક્ષો ભાજપ-કોંગ્રેસ અને આપ ડોર ટુ ડોર પ્રચાર અને ખાટલા બેઠક કરી રહ્યાં છે. આવતીકાલે ૧ ડિસેમ્બરે ૮૯ બેઠકો માટે મતદાન યોજાશે જેમાં કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લાનો સમાવેશ થાય છે પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ૨ કરોડ ૩૯ લાખ ૭૬ હજાર ૬૭૦ મતદારો મતદાન કરશે.જેમાં ૬ લાખ મતદારો પહેલી વખત મતદાન કરશે. પ્રથમ તબક્કામાં ૭૮૮ ઉમેદવારો મેદાનમાં છે.

ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ આ વિશે માહિતી આપતા કહ્યું કે, પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લાઓમાં મતદાન થશે. સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી મતદાન થશે. પ્રથમ તબક્કામાં ૮૯ બેઠકો પર મતદાન થશે. કુલ ૯૯૮ ઉમેદવારો મેદાન છે. કુલ ૨ કરોડ ૧૩ લાખ મતદારો મતદાન કરશે, જેમાંથી ૧ કરોડ ૧૫ લાખ મહિલા મતદારો છે.

૬ લાખ મતદારો પહેલીવાર મતદાન કરશે. ૧૬૩ એનઆરઆઇ મતદારો છે. ૧૪,૩૮૨ મતદાન મથકો પર મતદાન થશે. ૫૦ ટકા મતદાન મથકો પર વેબ કાસ્ટીંગ થશે. શિક્ષણ વિભાગના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર ખાતે કંટ્રોલ રૂમ તૈયાર કરાયો છે. બે દિવસ પહેલા વોટર માહિતીની સ્લીપનું વિતરણ કરી દેવાયું છે. આજે સાંજે ૫ વાગ્યાથી પહેલા તબક્કાનું પ્રચાર બંધ થશે. ૫,૨૨૯ ફરિયાદ અત્યાર સુધી ચૂંટણી પંચને મળી છે. અત્યાર સુધી ૯ ફરિયાદ મળી, જેમાં પોલીસ ફરિયાદ કરી છે. ચૂંટણી પંચે પ્રથમ તબક્કાના મતદાનની તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે.મતદાન ગુરૂવારે સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી થશે. પ્રથમ તબક્કામાં કુલ પ્રથમ તબક્કામાં ૩૯ રાજકીય પક્ષો વચ્ચે જંગ છે. પ્રથમ તબક્કા માટે ૨૫ હજાર ૪૩૦ મતદાન મથકો રહેશે. અને કુલ ૩૪,૩૨૪ ઈવીએમ અને ૩૮,૭૪૯ વીવીપીએટી મશીનોમાં મતદાન થશે. ચૂંટણી પંચની દેખરેખમાં તમામ બેઠકો પર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થશે.વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન નિષ્પક્ષ અને કોઈ અનિચ્છનિય બનાવ વિના પૂર્ણ થાય તે માટે પોલીસ અને સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ, એસઆરપી જવાનોનો જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવશે. મતદાનના દિવસે પોલીસ બેડાના અધિકારીઓ, સીએપીએફની કંપની, એસઆરપીની ટૂંકડી ઉપરાંત સાડા ચાર હજારથી વધુ પોલીસ, હોમગાર્ડ, જીઆરડી જવાનો કાયદો-વ્યવસ્થાની જવાબદારી સંભાળી લોકશાહીના મહાપર્વને નિર્વઘ્ને પાર પાડશે. ભાવનગર-બોટાદ જિલ્લામાં સ્થાનિક પોલીસ તંત્ર ઉપરાંત બીજા તબક્કાની ચૂંટણીવાળા જિલ્લામાંથી પોલીસના ધાડેધાડે ભાવનગરમાં ઉતર્યા છે. જિલ્લામાં સાત વિધાનસભા બેઠકના મતદાન માટે ૧૮૬૮ મતદાન મથકો ઉભા કરાયા છે.

આ મતદાન મથકો ઉપર કોઈ પણ અસામાજિક તત્ત્વો કે રાજકીય પક્ષો મતદારોને ધમકાવી, દબાણ કરી ન શકે તે માટે પોલીસનો અભેદ લોખંડી બંદોબસ્ત જળવાઈ રહેશે. જેના માટે વિધાનસભા ચૂંટણીના મતદાનના દિવસે કુલ આઈપીએસ ઓફિસર્સના માર્ગદર્શન નીચે આઠ ડિવાયએસપી, ૧૪ પોલીસ ઈન્સ્પેક્ટર, ૩૯ પોલીસ સબ ઈન્સેક્ટર, મહિલા-પુરૂષ મળી ૨૧૩૦ પોલીસ જવાનો, ૨૪૫૭ હોમગાર્ડ-જીઆરડી, સીએપીએફ (સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ)ની ૩૭ કંપની અને ત્રણ એસઆરપીની કંપનીને ચૂંટણી બંદોબસ્ત સોંપવામાં આવી છે.

## સરસ્વતી ફાર્મસી કોલેજ માં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગરઃસરસ્વતી ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધનપ, ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય સેવા યોજના [NSS] એકમ ના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થા માં યોજાયેલા કાર્યક્રમ માં લોકશાહી અને ચૂંટણી નું મહત્વ સમજાવામાં આવ્યું હતું તથા વિદ્યાર્થીઓને ચૂંટણીને લગતા વિવિધ પાસાઓ ની સમજ આપી ને જનજાગૃતિ ફેલાવવાના પ્રયત્ન કરવામાં આવ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.